આજનો સુવિચાર
સમય અને શ્વાસ પૈસા કરતાં વધુ મૂલ્યવાન છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૨૨ જૂનાગઢ તા.૦૬-૦૫-૨૦૨૪ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 122, Junagadh : Date : 06 May, 2024, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# આવતીકાલે ગુજરાતની ૨૫ સહિત લોકસભાની ૯૨ બેઠકો પર મતદાન : આજે કતલની રાત



નવી દિલ્હી તા. ૬
દેશમાં લોકશાહીના સૌથી મોટા પર્વ સમાન સંસદીય ચુંટણીમાં કાલે ત્રીજા તબકકાના મતદાનમાં ગુજરાતની ૨૫ સહિત ૧૧ રાજયોની ૯૨ બેઠકો પર કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ સહિત અનેક દિગ્ગજોના ભાવી ઈવીએમમાં કેદ થશે.

આવતીકાલનાં મતદાનમાં ૧૨૦ મહિલાઓ સહિત ૧૦૦૦ ઉમેદવારો મેદાનમાં છે અને પ્રથમ બે તબકકામાં યોજાયેલા મતદાનમાં જે રીતે આકરી ગરમી સહિતના ફેકટરના કારણે મતદાનની ટકાવારી ઘટી તેવી જ અસર આવતીકાલના મતદાનના તબકકામાં પણ થઈ શકે છે. આ ચુંટણીમાં ગુજરાત પર સૌનું ધ્યાન છે ત્યાં એક બેઠક પર ભાજપ બિહરીફ થયા બાદ ૨૫ બેઠકો પર યોજાઈ રહેલા મતદાનમાં ભાજપ જીતની હેટ્રીક બનાવી શકશે તેના પર છેલ્લા કેટલાક સમયના એક બાદ એક વિવાદ અને તેના પગલે સર્જાયેલા આંદોલન પરથી પ્રશ્ન પૂછાઈ રહ્યો છે અને ભાજપે રાજયમાં તમામ ૨૫ બેઠકો પર પાંચ લાખથી વધુની લીડનો લક્ષ્યાંક રાખ્યો છે તેના પર પણ રાજકીય નિરીક્ષકોની નજર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી તથા ગૃહમંત્રી અમીત શાહના આ હોમગ્રાઉન્ડમાં ભાજપને એક પણ બેઠક ગુમાવવી પોસાય તેમ નથી.

જે દિગ્ગજો આ તબકકાના મતદાનમાં સ્પર્ધામાં છે તેમાં અમીત શાહ ઉપરાંત મધ્યપ્રદેશના પુર્વ મુખ્યમંત્રી શિવરાજ ચૌહાણ અને પુર્વ સી.એમ. દિગ્વીજયસિંઘ, કેન્દ્રીય મંત્રી જયોતીરાદીત્ય સિંધીયા, સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવના ધર્મપત્ની ડિમ્પલ યાદવ અને બારામતીમાં પવાર ફેમીલીની જ ટકકરમાં શરદ પવારના પુત્રી- સુપ્રિયા સુલે તથા તેમના ભત્રીજા અને રાજયના નાયબ મુખ્યમંત્રી અજીત પવારના પત્ની સુનેત્રા પવાર વચ્ચે સ્પર્ધા છે તો ઉતરપ્રદેશમાં જે ૧૦ બેઠકો પર આવતીકાલે મતદાન છે તેમાં ભાજપ-સપાની સીધી ટકકર અને માયાવતીના બહુજન સમાજ પક્ષના ઉમેદવારની હાજરીથી સ્પર્ધા રસપ્રદ છે.

આ ૧૦ બેઠકોમાંથી ૮ પર ભાજપે ૨૦૧૯માં વિજય મેળવ્યો હતો. કર્ણાટકમાં ૧૪ બેઠકો પર મતદાન સાથે કર્ણાટક રાજયમાં ચુંટણી પ્રક્રિયા પુરી થશે અને કર્ણાટક રાજયમાં દેવેગૌડા ફેમીલીના સેકસ રેપ પ્રકરણની અસર જોવા મળશે. પ.બંગાળમાં ૪ બેઠકો પર ચુંટણી યોજાઈ રહી છે તેમાં બહેરામપુરામાં લોકસભામાં કોંગ્રેસના નેતા અધિર રંજન ચૌધરી, પુર્વ ક્રિકેટર અને મૂળ ગુજરાત યુસુફ પઠાણ સામે છે જે તૃણમુલ કોંગ્રેસના ઉમેદવાર બનીને અહી ચુંટણી લડી રહ્યા છે. આવતીકાલના મતદાનમાં આસામ-૪, બિહાર-૫, છતીસગઢ-૭, ગોવા-૨, ગુજરાત-૨૫, કર્ણાટક-૧૪, મધ્યપ્રદેશ-૮, મહારાષ્ટ્ર-૧૧, ઉતરપ્રદેશ-૧૦, પ.બંગાળ-૪, જમ્મુ-કાશ્મીર-૧, દાદરાનગર હવેલી-દિવ-દમણ-૨ બેઠકોનો સમાવેશ થાય છે.

## વડાપ્રધાન મોદી સહિતનાં મહાનુભાવો આવતીકાલે મતદાન કરવા અમદાવાદ આવશે

ગાંધીનગર તા. ૬
ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો તેમજ પાંચ વિધાનસભાની ખાલી પડેલી બેઠકોની પેટા ચૂંટણીનું આવતીકાલે મતદાન છે ત્યારે ચૂંટણી પંચ દ્વારા વી.વી.આઈ.પી મતદારોની સુરક્ષા સંબંધિત વિશે સમીક્ષા કરવામાં આવી હતી.

આ બાબતે ચૂંટણી પંચે VVIP મતદારોની અલગ યાદી તૈયાર કરી છે. અને તેમાં હોદ્દાની દ્રષ્ટીએ VVIP મતદારો ની સુરક્ષા અને પ્રોટોકોલ ની વિશેષ સમીક્ષા કરી હતી. ઉલેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રિય ગૃહ અને સહકારીતા મંત્રી અમિત શાહ અને મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ VVIPમતદાર યાદીમાં આવે છે. ત્યારે તેમના વોટર સ્લીપ , એપિક કાર્ડ, મતદાન મથકની સુવિધા , અને વ્યવસ્થા ની ખાસ કાળજી લેવામાં આવશે. અને આ બાબતે ચૂંટણી પંચે તમામ પાસાઓની વિશેષ સમીક્ષા કરી છે. અહીં નોંધવું જરૂરી છે કે નરેન્દ્ર મોદી મત આપવા આજે મોડી રાત્રે રાજભવન આવી પહોંચશે અને વહેલી સવારે રાણીપ મા મતદાન કરી અન્ય રાજયોના ચૂંટણી પ્રચારમાં રવાના થશે. જ્યારે અમિત શાહ નારણપુરા માં મતદાન કરશે સાથે સાથે મુખ્ય મંત્રી ભુપેન્દ્ર પટેલ ઘાટલોડિયા થી મતદાન કરશે તો બીજી તરફ પૂર્વ મુખ્ય મંત્રી શંકર સિંહ વાઘેલા વાસણિયા થી મતદાન કરવાના છે. આ ઉપરાંત. યુપીના ગવર્નર આનંદીબેન પટેલ અને મધ્યપ્રદેશના ગવર્નર મંગુભાઈ પટેલ પણ મોડી રાત્રે અમદાવાદ આવી પહોંચશે અને આ ત્રણેય મહાનુભાવ પણ આવતીકાલે મતદાન કરી પરત ફરશે


## ક્ષત્રીયV/s ભાજપ - રાજયની ૯ બેઠકનાં મતદાન પર અસર થશે

અમદાવાદ તા. ૬
રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરશોત્તમ રુપાલા દ્વારા ક્ષત્રિય સમાજ વિશેના નિવેદન બાદ ક્ષત્રિય સમાજમાં રોષ જોવા મળ્યો હતો. ત્યારબાદ ગુજરાતબરમાં સતત વિરોધ કરવામાં આવી રહ્યો છે અને ક્ષત્રિય સમાજને એકજૂથ કરવા મહાસંમેલન પણ કરવામાં આવી રહ્યા છે. આ સાથે ભાજપ વિરુદ્ધ મતદાન કરવા માટે પણ આહવાન કરવામાં આવી રહ્યું છે. ક્ષત્રિય સમાજના સર્વે પ્રમાણે ગુજરાતમાં રાજકોટ, જામનગર

### ભાજપનાં પેજ પ્રમુખની રણનીતિ સામે ક્ષત્રીયો દ્વારા માઈક્રો બૂથ પ્લાનીંગ

સહિત ૯ બેઠક પર અસર થઈ શકે છે. જેને લઈને જ્યાં ભાજપ દ્વારા પેજ પ્રમુખ સહિતના પ્લાનિંગ કરવામાં આવી રહ્યું છે. તો તેની સામે ક્ષત્રિય સમાજ દ્વારા માઈક્રો બુથ પ્લાનિંગ કરવામાં આવ્યું છે. આ સાથે જ ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે.

## આવતીકાલથી ગુરૂવાર સુધી ગરમી હાહાકાર મચાવશે : પારો ૪૩ ડીગ્રીને વટાવી જશે : મતદાન પર અસર થશે



રાજકોટ,તા.૬
ગુજરાતમાં આવતીકાલે લોકસભા ચૂંટણીનું મતદાન થવાનું છે. ત્યારે જ આકરી ગરમીની શકયતાને પગલે મતદાન પર અસર થવાની આશંકા વ્યકત થઈ જ રહી છે. રાજકીય પક્ષોએ વહેલા મતદાન કરાવવા માટે રણનીતિ ઘડી હોવાનું સુત્રો જણાવી રહયા છે.

હાલમાં સૌરાષ્ટ્ર-ગુજરાતમાં કાળઝાળ ગરમી પડી રહી છે. પરંતુ આવતીકાલે પણ ફરી આકાશ ધરતી ધગધગશે અને મંગળવારથી ગુરૂવાર દરમ્યાન અમુક સેન્ટરોમાં તાપમાન ૪૩ ડીગ્રીને પણ પાર કરી જવાની આગાહી જાણીતા વેધર એનાલીસ્ટ અશોકભાઈ પટેલે કરી છે. તેઓએ કહ્યું હતું કે, સૌરાષ્ટ્ર-ગુજરાતમાં રવિવારે એકાએક વાદળછાયુ વાતાવરણ સર્જાયુ હતું. પરીણામે તાપમાનનો પારો નોર્મલ કરતા નીચે ઉતરી ગયો હતો.

ખાસ કરીને તા. ૭ થી ૯ મે દરમ્યાન તાપમાનનો પારો ૪૩ ડીગ્રીને વટાવી જવાની સંભાવનાં છે. આગાહીનાં આ સમયગાળામાં પશ્ચિમ, ઉતર પશ્ચિમ તથા દક્ષિણ પશ્ચિમનાં પવન ફુંકાવાની સંભાવના છે. તેની સ્પીડ ૧૫ થી ૨૦ કીમીની રહી શકે છે.

## આવતીકાલે જયાં મતદાન છે તે અમદાવાદની ૭ શાળાઓને બોંબથી ઉડાવી દેવાની ધમકી આપતો ઈ-મેઈલ મળ્યો : પોલીસ સાબદી

અમદાવાદ તા. ૬
દિલ્હી જેવી ઘટનાનું પુનરાવર્તન ગુજરાતમાં થયું છે. અમદાવાદની ૭ જેટલી સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની એક બાદ એક સ્કૂલોને ઈ-મેઈલ દ્વારા ધમકી મળી છે. ધમકીવાળી સ્કૂલો પર પોલીસે જઈ ચેકિંગ હાથ ધર્યું છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ પણ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. રશિયન સર્વરમાંથી ધમકી આવ્યાનું પ્રાથમિક અનુમાન છે. દિલ્હીની માફક એક પછી એક સ્કૂલમાં ઈ-મેઈલ આવી રહ્યા છે. અમદાવાદનું પોલીસતંત્ર સાબદું થયું છે. દિલ્હીમાં અનેક સ્કૂલોને ધમકી મળ્યા પછી આ ધમકી પોકળ પુરવાર થઈ હતી. મતદાનના આગલા દિવસે જ અમદાવાદની ૭ સ્કૂલને ધમકીભર્યો ઈ-મેઈલ મળતા તંત્ર કામે લાગી ગયું છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે જે સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી છે, તેમાં આવતીકાલે મતદાન રાખવામાં આવ્યું છે. આ અંગે ક્રાઈમ બ્રાન્ચના ડીસીપી અજિત રાજિયાણે જણાવ્યું હતું કે, અમદાવાદની ૭ સ્કૂલને ઈ-મેઈલથી ધમકી મળી છે. હાલ અમે તપાસ કરી રહ્યા છીએ. આ ધમકીભર્યો ઈ-મેઈલ ફેક ઈ-મેઈલથી આવ્યો છે.

અત્રે નોંધનીય છે કે, દિલ્હીની સ્કૂલોને આ પ્રકારના ધમકીભર્યા ઈ-મેઈલ વારંવાર મોકલવામાં આવ્યા છે. અમદાવાદની જે શાળાઓને બોમ્બથી ઉડાવી દેવાના ઈ-મેઈલ મળ્યા છે તેમાં ૧. ઓએનજીસી કેન્દ્રીય વિદ્યાલય ચાંદખેડા ઝોન- ૨ ૨. એશિયા ઈંગ્લિશ સ્કૂલ વસ્ત્રાપુર ઝોન- ૧ ૩. અમૃતા વિદ્યાલય ઘાટલોડિયા ઝોન- ૧ ૪. કેલોરેક્ષ સ્કૂલ ઘાટલોડિયા ઝોન- ૧ ૫. ન્યૂ નોબલ સ્કૂલ વ્યાસવાડી, નરોડા, ૬. ડી.પી.એસ, બોપલ, ૭. આનંદ નિકેતન, બોપલનો સમાવેશ થાય છે.

## એક મત પાછળ રૂા. ૧૪૦૦નો ખર્ચ ચૂંટણીનો કુલ ખર્ચ રૂા. ૧.૩૫ લાખ કરોડ

અમદાવાદ તા. ૬
મોંઘવારી માત્ર સામાન્ય જનતાને જ નહીં લોકસભાની ચૂંટણીને પણ અસર કરે છે. ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી અત્યાર સુધીની સૌથી મોંઘી ચૂંટણીમાંથી એક છે. સેન્ટર ઓફ મીડિયા સ્ટડી (સીએમએસ)એ અંદાજ મુજબ આ ચૂંટણીમાં ૧.૩૫ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થશે. જેમાં સરકારના ચૂંટણી પંચ સાથે રાજકીય પક્ષોના ખર્ચનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. દેશમાં ૧૯૫૨માં યોજાયેલી લોકસભાની પ્રથમ ચૂંટણીમાં પ્રત્યેક મતદાર દીઠ ૮૦ પૈસાનો ખર્ચ થયો હતો. જ્યારે ૨૦૨૪માં દેશની અંદાજીત વસતી ૧૪૦ કરોડ અને મતદારો ૯૬.૬ કરોડ નોંધાયેલા છે. અંદાજીત ખર્ચને મતદારો વડે ભાગવામાં આવે તો પ્રત્યેક મતદાર પાછળ ૧૪૦૦ રૂપિયા ખર્ચ થવાનો અંદાજ લગાવવામાં આવી રહ્યો છે. લોકસભાની ચૂંટણીના કુલ ખર્ચમાં દરેક બીજી ચૂંટણીમાં થતા ખર્ચમાં મોટો વધારો નોંધાઈ રહ્યો છે

**સ્ટાફ જોઈએ છે**
ગ્રેજ્યુએટ સ્ટાફ, એકાઉન્ટ તથા કોમ્પ્યુટરના જાણકાર ઉત્સાહી યુવકની જરૂર છે. ઉંમર: ૨૨ થી ૪૦ (જુનાગઢમાં રહેતા વ્યક્તિએ જ સંપર્ક કરવો)
સમય : સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી
Mo. 9825815796


## ઝારખંડમાં ઈડીનાં દરોડામાં મંત્રીનાં નોકરનાં નિવાસ સ્થાનેથી રૂા. ૩૦ કરોડની રોકડ મળી

નવી દિલ્હી, તા.૬
એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ રાંચી, ઝારખંડમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા છે અને મોટી રકમની રોકડ જપ્ત કરી છે. ગ્રામીણ વિકાસ મંત્રી આલમગીર આલમના અંગત સચિવ સંજીવ લાલના નોકરના ઘરેથી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ જંગી રોકડ જપ્ત કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર અત્યાર સુધીમાં ૩૦ કરોડ રૂપિયાની રોકડ રિકવર કરવામાં આવી હોવાનો અંદાજ છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એ ફેબ્રુઆરી ૨૦૨૩ માં ઝારખંડ ગ્રામીણ વિકાસ વિભાગના ચીફ એન્જિનિયર વીરેન્દ્ર કે, કેટલીક યોજનાઓના અમલીકરણમાં કથિત અનિયમિતતાઓને લગતા મની લોન્ડરિંગ કેસમાં કેસ કર્યો હતો. રામની ધરપકડ કરવામાં આવી હતી. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટનું માનવું છે કે આ કાળા નાણાંનો એક ભાગ છે. થોડા દિવસ પહેલા જ જ્યારે પીએમ મોદી ઝારખંડમાં ચૂંટણી પ્રચાર કરી રહ્યા હતા ત્યારે તેમણે ભ્રષ્ટાચારનો મુદ્દો ઉઠાવ્યો હતો અને આ કાર્યવાહી તેમની રેલીના થોડા દિવસો બાદ થઈ છે જેમાં મોટી રકમની રોકડ મળી આવી છે.આલમગીર આલમ પાકુર વિધાનસભાથી ચાર વખત કોંગ્રેસના ધારાસભ્ય રહી ચૂક્યા છે અને હાલમાં રાજ્ય સરકારમાં સંસદીય બાબતો અને ગ્રામીણ વિકાસ મંત્રી છે. આ પહેલા આલમગીર આલમ ૨૦ ઓક્ટોબર ૨૦૦૬ થી ૧૨ ડિસેમ્બર ૨૦૦૯ સુધી ઝારખંડ વિધાનસભાના સ્પીકર પણ હતા. રાજકારણનો વારસો મેળવ્યા બાદ, આલમગીરે સરપંચની ચૂંટણી જીતીને રાજકારણમાં પ્રવેશ કર્યો. તેઓ ૨૦૦૦માં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા અને ત્યારથી અત્યાર સુધીમાં ૪ વખત ધારાસભ્ય બન્યા છે.




તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
**ડૉ. ધવલ સંઘવી**
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩


તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત
● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ
**હરિ-કલા યુરોસર્જીકલ હોસ્પિટલ**
**ડો. જયંત એચ. પંડયા**
જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન

ઉપલબ્ધ સેવાઓ :
● હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
● પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો
પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જૂના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,
મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪
બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ
મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪




C M Y K C M Y K C M Y K

વર્ક ફોર ડેમોક્રેસી

# કલેકટર કચેરીની ચૂંટણી શાખાના કર્મયોગીઓ અહર્નિશ ફરજરત : દરરોજ સરેરાશ ૧૪ કલાક સેવારત

**જૂનાગઢ કલેક્ટર કચેરી ખાતે આચાર સંહિતા લાગુ થયાથી છેલ્લા દોઢેક મહિનાથી ચૂંટણીલક્ષી કામગીરીનો ધમધમાટ**



જૂનાગઢ તા.૬

ચૂંટણી પ્રક્રિયા સુપેરે પાર પાડવી રીતસર એક પડકાર છે. આ માટે અધિકારી-કર્મચારીશ્રીઓ રાત દિવસ જોયા વગર સતત પરિશ્રમ કરી રહ્યા છે. આમ, તો ચૂંટણીલક્ષી કામગીરી સતત ચાલતી પ્રક્રિયા છે પરંતુ આચાર સંહિતા લાગુ થતાં મોટા ભાગનું તંત્ર ચૂંટણી લક્ષી કામગીરીમાં જોતરાય જાય છે.

ખાસ કરીને લોકસભા સામાન્ય ચૂંટણીમાં કલેકટર કચેરીની ચૂંટણીની શાખા સવિશેષ ધમધમે છે. છેલ્લા દોઢેક માસથી ચૂંટણી શાખાના કર્મયોગીઓ અહર્નીશ કામગીરી કરી રહ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન મુજબ નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી હર્ષ પટેલના દેખરેખ હેઠળ મામલતદાર શ્રી પી.એમ.ખ્રિસ્તી ઉપરાંત ૭ નાયબ મામલતદાર, ૧ સિસ્ટમ સુપરવાઈઝર, ૫ ક્લાર્ક, ૪ રેવન્યુ તલાટી, ૬ ઓપરેટર અને ૬ સેવક કામગીરી કરી રહ્યા છે. આમ, ૨ અધિકારીઓ ઉપરાંત ૨૯ જેટલા કર્મયોગીઓ છેલ્લા દોઢ માસથી સરેરાશ ૧૪ કલાક કામગીરી કરી રહ્યા છે.

ચૂંટણી લક્ષી કામગીરી ખૂબ ચીવટતા સાથે જવાબદારી માંગી લે તેવી છે. આ કામગીરીમાં કોઈ ચૂકને વધારે અવકાશ હોતો નથી. ચૂંટણીલક્ષી કામગીરી દરમિયાન ચૂંટણી પંચના નિર્દેશો-માર્ગદર્શિકા સાથે રાખીને સતત કામગીરી કરવાની રહેતી હોય છે. ઉમેદવારી ફોર્મ ઉપડવાથી માંડી હરીફ ઉમેદવારની યાદી ફાઈનલ કરવા સુધીની જટીલ પ્રક્રિયા. જુદા જુદા સ્તરે થતાં રેન્ડેમાઈઝેશન, સ્ટેશનરી - ચૂંટણીલક્ષી સામગ્રી મંગાવવી અને વિતરણ, ઈવીએમની વિધાનસભા મતવિસ્તારવાર ફાળવણી, પોલિંગ સ્ટાફનું મેનેજમેન્ટ, ઉમેદવારોના ખર્ચ પર દેખરેખ, તાલીમ, મતદાર યાદી- મતદાન મથકો સંલગ્ન કામગીરી વગેરે. આ સાથે દરેક કામગીરીનું ઉચ્ચકક્ષાએ સતત રિપોર્ટિંગ કરવું. જુદી જુદી કામગીરી અંગેના જરૂરી હુકમો કરવા જેવી વિવિધ પ્રકારની કામગીરી સમયમર્યાદામાં કરવામાં આવે છે. તેવી જ રીતે પ્રાંત અધિકારીશ્રીની કચેરી તથા મામલતદાર કચેરી ખાતે પણ ચૂંટણીલક્ષી કામગીરીનો સતત ધમધમાટ રહે છે. ૧૩-જુનાગઢ લોકસભા મત વિસ્તારમાં સુપેરે ચૂંટણીની પ્રક્રિયા યોજવા માટે ૧૦,૦૦૦ થી વધુ અધિકારીઓ કર્મચારીઓ પ્રત્યક્ષ - પરોક્ષ રીતે ચૂંટણીમાં ફરજ બજાવી રહ્યા છે આમ, લોકશાહીના એક મજબૂત સ્થંભ એવા અધિકારી-કર્મચારીઓ વર્ક ફોર ડેમોક્રેસીની નેમને સાર્થક કરી રહ્યા છે.

# દ્વારકાધીશના મંદિરમાં રીલ્સ બનાવી સોશ્યલ મીડિયામાં વાઈરલ : ભાવિકની હિંમત કે તંત્રની નબળાઈ?

**ઝેડ પ્લસ સુરક્ષા હોવા છતાં રીલ્સની ઘટનામાં કોની ચૂક? કસુરવારો સામે પગલાં ભરાશે?**



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૬

દેવભૂમિ દ્વારકા સ્થિત શ્રી દ્વારકાધિશનાં (જગત મંદિર) મંદિરમાં એક શખ્સે દર્શનના બહાને પ્રવેશી રીલ્સ ઉતારી, સોશિયલ મિડીયામાં વાયરલ કરતાં સંબંધિત સુરક્ષા તંત્રનું 'ખાળે ડૂચા, દરવાજા મોકળાં' જેવી પોલંપોલ બહાર આવી ગઈ છે. શ્રદ્ધાળુઓ કહે છે કે, દ્વારકાધિશ મંદિરનો ઝેડ પ્લસ સુરક્ષામાં સમાવેશ થાય છે આ માટે પોલીસ તંત્રએ અનેક પોલીસ જવાનો, સિક્યોરીટીનો પહેરો તૈનાત કર્યો છે. એ સિવાય અહીં તીસરી આંખ જેવા અનેક સીસી કેમેરા પણ ચારે બાજુ ગોઠવાયા છે.

આમ છતાં મંદિરમાં ઘૂસીને કોઈ રીલ્સ બનાવે ત્યાં સુધી પોલીસ, સિક્યોરીટી ઊંઘતી રહે તે વાત ગળે ઉતરે તેવી લાગતી નથી. શ્રદ્ધાળુઓ કહે છે કે દર્શન માટે જગત મંદિરની મુલાકાત લેવાય ત્યારે જ મંદિરમાં પ્રવેશતા પહેલા મોબાઈલ, કિચન સહિતની શંકાસ્પદ વસ્તુઓ બહાર મૂકાવવામા આવે છે. એટલુ જ નહીં મંદિરના અંદરના પરિસરમાં ફોટો, વીડિયો ઉતારવાની સખ્ત મનાઈ છે છતાં તસવીરમાં દેખાતો શખ્સ મંદિર નજીક, અંદરના ભાગેથી રીલ્સ ઉતારતો દેખાતો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વહેતો થતા જગત મંદિરનું સમગ્ર તંત્ર ઉંઘંતુ ઝડપાઈ ગયુ છે. શ્રદ્ધાળુઓ કહે છે કે, આ યુવાન મોબાઈલ સાથે મંદિરમાં કેમ ઘૂસ્યો? તેમને કોણે જવા દીધો? આ વાતમાં કોની બેદરકારી માનવામાં આવશે? કસુરવારો સામે પગલા ભરાશે કેમ? તે સમય જ બતાવશે.

# માંગરોળ લઘુમતી સમુદાયના લોકોને મતદાનથી વંચિત રાખવાનો કારસો.!

**લઘુમતી મતદારો ને જાણી જોઈને મતદાન સ્લીપ આપવામાં આવી નથી તેવી આપના મહાવીરસિંહ ચુડાસમા એ ચૂંટણી પંચ ને લેખિતમાં ફરિયાદ કરી**




(યુસુફ ચુડલી દ્વારા)

માંગરોળ તા.૬

જૂનાગઢ લોકસભા બેઠકના માગરોળ માં લઘુમતી વિસ્તારમાં રહેતા મુસ્લિમ લઘુમતી મતદારોને માગરોળ મામલતદાર કચેરી ની ચુંટણી શાખા દ્વારા ભાજપના ઉમેદવાર ને જીતાડવા મતદાન સ્લીપ પહોંચાડવા આવી ન હોવાની લેખિત ફરીયાદ આમ આદમી પાર્ટીના મહાવીરસિંહ ચુડાસમાએ રાજ્ય ચૂંટણી પંચ તથા જૂનાગઢ બેઠકના જનરલ ઓબ્ઝર્વર ને કરી તુરંત લઘુમતી મુસ્લિમ સમાજ ના મતદારો ને મતદાન ની સ્લીપ સમયસર પહોંચતી કરવા માંગ કરી છે ફરીયાદ માં આ બાબતે આમ આદમી પાર્ટી સુધી આવી ફરીયાદો પહોંચતા આ બાબતે તપાસ કરતા ફરીયાદો માં તથ્ય જણાતા તાલુકા તંત્ર દ્વારા ઈરાદાપૂર્વક મુસ્લિમ સમાજના મતદારો ને મતદાન કરતા રોકવા અને સતાધારી પક્ષના ઉમેદવાર ને મદદ કરવા ષડયંત્ર કરેલ હોવાની શંકા દ્રઢ બની હતી લોકશાહીમાં મતદારોને પોતાના ઉમેદવાર ને ચુટવા વધુ મતદાન કરવા મતદારો ને પ્રોત્સાહિત કરવા જાગૃતિ લાવવા ચુંટણી પંચ કાર્યક્રમો યોજવા ની જાહેરાતો કરે છે જયારે બીજી તરફ માગરોળ ચુંટણી તંત્ર આવી રીતે મતદારો ને મતદાન કરતા અટકાવવા ષડયંત્ર રચી ચુંટણી ને કલંકિત કરતું હોય આ બાબતને ગંભીરતાથી લઈ તુરંત લઘુમતી મુસ્લિમ મતદારો ને મતદાન સ્લીપ પહોંચાડવા કરવા માંગ કરી છે.

# કેશોદમાં બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવ ૨૦૨૪ ધામધૂમથી ઉજવવામાં આવશે



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૬

કેશોદ શહેરમાં સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામ જન્મોત્સવ ૨૦૨૪ ધામધૂમથી ઉજવવા તડામાર તૈયારીઓ શરૂ કરવામાં આવી છે. પરશુરામ જન્મોત્સવ ની ભવ્ય દિવ્ય ઉજવણી માટે સમસ્ત બ્રહ્મ સમાજ કેશોદ દ્વારા ઔદિચ્ય ગોહિલવાડી બ્રહ્મસમાજ ખાતે મીટીંગનું આયોજન કરવામાં આવેલ સમાજના ઉત્સાહી અને સક્રિય સભ્યોની ઉપસ્થિતિમાં જન્મોત્સવને યાદગાર બનાવવા વિવિધ સૂચનો, વિચારવિમર્શ કરવામાં આવ્યા જે સર્વાનુમતે વધુમાં વધુ સંગઠન અને સભ્યો સ્વયંભુ જોડાઈ અને શહેરમાં પરશુરામ જન્મોત્સવ ઉજવણીમાં સહયોગી થાય તેવા વિવિધ પ્રયત્નો કરવા સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું હતું. ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે બાઈકમાં ધ્વજ વિનામૂલ્યે લગાવવાનો શુભારંભ, બાઈક રેલીમાં જોડાનાર ભાઈઓ બહેનો નું ઓનલાઈન રજીસ્ટ્રેશન શુભારંભ, શોભાયાત્રા રૂટ પર હોર્ડિંગ લગાવવા ઉપરાંત બાળકો વેશભૂષા સાથે દાદાના જીવન કવન પર આધારિત નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ઓનલાઈન અને ઓફ લાઈન ક્વીઝ નું પણ આયોજન કરવામાં આવેલ છે બ્રહ્મ બાળકો પૂજ્ય પરશુરામ દાદાના પરાક્રમો સાહસ અને શોર્યથી પરિચિત થાય તે માટે બાળકો, યુવા અને જનરલ તમામ માટે વિશિષ્ટ આયોજન છે જેના વિજેતાઓને સમાજની ઉપસ્થીમાં પ્રોત્સાહિત કરવામાં આવશે.પરશુરામ જન્મોત્સવ આગલા દિવસે ૦૯-૦૫-૨૦૨૪ પૂર્વ સંધ્યાએ શ્રી નિલકંઠ મહાદેવ મંદિર ખાતે થી શહેરના મુખ્ય માર્ગો પર બાઈક રેલીનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શોભાયાત્રા રૂટમાં શહેરની વિવિધ સંસ્થાઓ દ્વારા ભૂદેવો માટે શરબત, ઠંડુ, નાસ્તો આઈસ્ક્રીમ કોન છાછ વિતરણ ની વ્યવસ્થા કરવામાં આવી છે. તારીખ ૧૦મી મે ના રોજ સાંજે પાંચ વાગ્યે કેશોદના શ્રી નિલકંઠ મહાદેવ મંદિર ખાતે થી ભવ્ય શોભાયાત્રા નો પ્રારંભ ધારાસભ્ય દેવાભાઈ માલમ અને નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ગોંડલીયા ના હસ્તે આરતી કરી કરવામાં આવશે. શોભાયાત્રામાં બાળકોને વેશભૂષા અને તમામ પાંખ ના વિવિધ ફ્લોટ વાહન શણગાર સાથે અને ભૂદેવો ના પારંપરિક ધોતી ઝભ્ભો પેહરીને ખેસ સાથે જોડાશે. કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ ના હોદેદારો ટ્રસ્ટી મંડળ સહિત વિવિધ પાંખ ના હોદેદારો કારોબારી સભ્યો સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યાં છે.કેશોદ સમસ્ત બ્રહ્મસમાજ ના પ્રમુખ રાજુભાઈ પંડ્યા દ્વારા સૌ ધર્મપ્રેમી ભાઈઓ બહેનો ને ભગવાન પરશુરામ જન્મોત્સવ નિમિત્તે નીકળનારી શોભાયાત્રા મા જોડાવા નિમંત્રણ આપ્યું છે.

# જૂનાગઢ જિલ્લામાં વાલીઓને પરિણામપત્ર સાથે મતદાન જાગૃતિ પત્રિકાનું વિતરણ કરાયું





જૂનાગઢ,તા.૬

જૂનાગઢ જિલ્લામાં સ્વીપ અન્વયે મતદાર જાગૃતિ કાર્યક્રમ થકી મતદાન જાગૃતિનો લોક સંદેશ દરેક નાગરિકો સુધી પહોંચાડવામાં આવી રહ્યો છે.

જૂનાગઢ જિલ્લાના ધોરણ ૩ થી ૮ ના કુલ ૧૨૦૬૮૭ વિદ્યાર્થીઓના વાર્ષિક પરિણામ પત્ર સાથે તેમના વાલીઓને મતદાન કરવા માટેના નિમંત્રણ પત્રિકાનું પણ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પત્રિકા સાથે પરિવારના સૌ સભ્યોને મતદાન કરવા અને અન્યને પ્રોત્સાહન આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ નિમંત્રણ પત્રીકામાં આગામી તા.૭ મે ના રોજ સવારે ૭ થી સાંજે ૬ કલાક સુધી યોજાનાર મતદાન, અને જિલ્લાના નાગરિકોને સો ટકા મતદાન કરી - કરાવી વિશ્વની સૌથી મોટી લોકશાહીના અવસરમાં સહભાગી બનવા અપીલ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયા એ કરી છે.

# જૂનાગઢમાં ૨૨૬૩ વિદ્યાર્થીઓએ આપી નીટની પરીક્ષા : ૨૪ રહ્યા ગેરહાજર

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ જિલ્લામાં તારીખ ૫ મે ને રવિવારના રોજ નીટની પરીક્ષા એમ.પી. ભાલોડીયા સ્કૂલ, માતૃશ્રી એમ. જી. ભૂવા સ્કૂલ, નોબલ ગૃપ ઓફ ઈન્સ્ટીટ્યુટ અને કેન્દ્રીય વિદ્યાલય જૂનાગઢ એમ કુલ ૪ પરીક્ષા કેન્દ્ર ઉપર યોજાઈ હતી. તમામ કેન્દ્રો ઉપર પરીક્ષાર્થીઓને સઘન ચેંકીંગ બાદ એન્ટ્રી આપવામાં આવી હતી. નીટ-૨૦૨૪નું પેપર કેવું નિકળ્યુ અને આગામી સમયમાં તે પેપરનુ કટઓફ કેટલું રહેશે તેના વિશે જૂનાગઢના કેમેસ્ટ્રીના શિક્ષક ડો. સુધીર નકુમે જણાવ્યુ કે, આ વર્ષે નીટનું પેપર ગત વર્ષની સરખામણી અઘરૂ રહ્યું હતું. જેમાં ફિઝીક્સ અને કેમેસ્ટ્રીના પ્રશ્નો એકાંદરે અઘરા તેમજ પ્રશ્નોની વાંચવાની લંબાઈ વધારે રહી હતી. ઉપરાંત બીજા વિષયની વાત કરીએ તો બાયોલોજીમાં સરળ પ્રશ્નો રહ્યા હતા. પરંતુ અમુક પ્રશ્નો ટેક્સબુક બહારના નિકળતા વિદ્યાર્થીઓ મુંજાયા હતા. તેમજ આ વર્ષે નીટના પેપરમાં ફિઝીક્સના પ્રશ્નો અઘરા હોવાથી ૭૫ થી ૮૦ ટકા છાત્રોને પ્રશ્નો રહી ગયા હતા. તેમજ આ વર્ષે ગત વર્ષની સરખામણી કટઓફમાં નહિવત ફેરફાર જોવા મળશે. આમ, જૂનાગઢ શહેરમાં ૪ કેન્દ્રો ઉપર કુલ ૨૨૮૭ વિદ્યાર્થીઓમાંથી ૨૪ છાત્રો ગેરહાજર, ૨૨૬૩ હાજર રહ્યા હતા. તેમજ શાંતિપૂર્ણ માહોલમાં નીટની પરીક્ષા સંપન્ન થઈ છે તેવુ નીટની પરીક્ષાના નોડલ ઓફીસર પવનકુમાર સુથારે જણાવેલ છે.

# ૧૭૧ શ્રી મદ ભાગવત કથામૃતમ નિઃશુલ્ક સેવા યજ્ઞ





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

સર્વ જ્ઞાતિય પિતૃતર્પણ ૧૭૧ યજમાનદ્વારા પાટલા નોંધાવી ગાયત્રી શક્તિપીઠ જૂનાગઢ, સત્યમ સેવા યુવક મંડળજૂનાગઢ, શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ જૂનાગઢ શ્રીજી લોક સેવા ફાઉન્ડેશન દ્વારા શ્રી મદભાગવત સપ્તાહનું આયોજન થયેલ છે. તે અંતર્ગતે તા.૪-૫-૨૦૨૪ના રોજ કૃષ્ણજન્મોત્સવ ભવ્ય રીતે ઉજવવામાં આવેલ હતો. જેમાં વાસુદેવનું પાત્ર સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખશ્રી મનસુખભાઈ વાજાએ નિભાવેલ હતું. તેમજ તા.૫-૫-૨૦૨૪ના રોજ મોરબીથી પધારેલ હરીહર અન્નક્ષેત્રના સ્થાપક સેવક એવા પૂજ્ય જમનાદાસ હિરાણી સમગ્ર પરિવાર સાથે ઉપસ્થિત રહેલા હતા. સપ્તાહ દરમ્યાન ભોજન પ્રસાદી માટે કાચો સીધો પૂજ્ય જમનાદાસ હિરાણી તરફથી આપવામાં આવેલ તેમજ તેઓએ ભક્તજનોને પોતાના કંઠથી જીવન ઉપયોગી ભજન ગાઈને મંત્ર મુગ્ધ કરેલ હતા. તેમજ વ્યાસ પીઠ ઉપર બિરાજમાન શાસ્ત્રી રવિભાઈ દવે દ્વારા ભજન અને ભોજનનું મહત્વ ભાગવત કથામાં રહેલું છે તે સુંદર દ્રષ્ટાંત આપી ભક્તજનોને કથાનું રસપાન કરાવેલ હતું. આ કથા દરમ્યાન અનેક સંસ્થાઓના ટ્રસ્ટીઓ તેમજ કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવેલ જેમાં નાગભાઈ વાળા, મનસુખભાઈ વાજા, આશિષભાઈ રાવલ, અમુભાઈ પાનસુરીયા, રવીન્દ્રભાઈ વ્યાસ, જીતુભાઈ નેનુજી, શાંતાબેસ, કમલેશભાઈ પંડ્યા, અલ્પેશ પરમાર, સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મ સમાજના પ્રમુખ પ્રફુલભાઈ ત્રિવેદી, પ્રવીણભાઈ જોષી, રામધૂન મંડળના મહેન્દ્રભાઈ રાવલ, હરસુખભાઈ વઘાસીયા, બાલાભાઈ તન્ના, વર્ષાબેન બોરીચાંગર, કે.કે. ગોસાઈ, મનહરસિંહ ઝાલા, રણછોડભાઈ ગોડફાડ, ડાભી સાહેબ, કેતનભાઈ નાંઢા, વિગેરે લોકો એ જહેમત ઉઠાવી હતી.

## ઝાંબાઝ પોલીસ અધિકારી એસ.એન. મહેતાનું નિધન : આજે સાંજે બેસણું



જૂનાગઢ તા. ૬

ઝાંબાઝ કર્મનીષ્ઠ પોલીસ અધિકારી એસ.એન. મહેતા (શરદભાઈ નાનાલાલ મહેતા) (ઉ.વ. ૬૮)નું ગઈકાલે જૂનાગઢ ખાતે અવસાન થયું હતું. સ્વ. એસ.એન. મહેતા એવા અધિકારી હતા જેની કડકાઈ અને કર્મનિષ્ઠાથી ભલભલા ધ્રુજી ઉઠતા હતાં. જૂનાગઢ શહેરમાં પણ પીઆઈ તરીકે તેમણે પોતાની આગવી છાપ ઉભી કરી હતી. એવા આ અધિકારીનું નિધન થતાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. સદતનું બેસણું આજે સાંજે ૫ થી ૬ કલાક દરમ્યાન જાગનાથ મંદિર, જલારામ સોસાયટી, તળાવ ગેઈટ જૂનાગઢ ખાતે રાખેલ છે.

## માણાવદર તાલુકાના મીતડી ગામે પતિ સાથે ઝઘડો થતાં મીતડીની મહિલાનું ઝેરી દવા પી લેતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૬

પતિ સાથે ઝઘડો થતાં મીતડીની મહિલાનું ઝેરી દવા પી લેતા મોત નિપજતા અરેરાટી વ્યાપી ગઈ હતી. આ અંગે પોલીસમાંથી મળતી માહિતી અનુસાર માણાવદર તાલુકાના મીતડી ગામે પતિ સાથે રહેતા બાલીબેન(ઉ.વ.૩૫) નામની મહિલાએ ૧૭ વર્ષ અગાઉ પતિ રમેશભાઈ સામાભાઈ સોલંકી સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. પરંતુ બાલીબેનને તેના પિયર સાથે આવરોજાવરો ન હતો. જેથી માવતર સાથે સમાધાન કરવા મુદ્દે તેણીને તેના પતિ રમેશ વચ્ચે અવારનવાર ઝઘડો થતો હતો. તેનું લાગી આવતા મહિલાએ શનિવારની મોડી રાત્રે પોતાના ઘરે ઉંદર મારવાની ઝેરી દવા પી લઈને મોતની સોડ તણી લીધી હતી. મહિલાના આત્મઘાતી પગલાંથી તેના પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ હતું. આ અંગેની જાણ મૃતક પરિણીતાના સાસુ પુરીબેન સામાભાઈએ કરતા માણાવદર પોલીસે દોડી જઈને મહિલાના પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી હાથ ધરી હતી વધુ તપાસ પીએસઆઈ સી. વાય. બારોટ ચલાવી રહ્યા છે.


## :: શ્રધ્ધાંજલી ::



શરદભાઈ નાનાલાલ મહેતા (એસ.એન. મહેતા) (ઉ.વ. ૬૮)

આપના દિવ્ય ગુણો, ધર્મ અને ભકિત, સહનશીલતા, દાન અને ત્યાગ, સરળતા તેમજ નિઃસ્વાર્થ સ્વભાવ અમોને સદાય પ્રેરણા આપતા રહેશે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્થે એજ પ્રાર્થના

લી.

નિવૃત પોલીસ કર્મચારી મંડળ



સત્ય મેવ જયતે

## બેસણું



શ્રી ઔદીચ્ય ઝાલાવાડી બ્રહ્મ સમાજ જૂનાગઢ (મૂળ ચૌત્રા - તા. રાજુલા)

એસ. એન. મહેતા - (કર્મનિષ્ઠ રીટા. Dy SP)

**શરદભાઈ નાનાલાલભાઈ મહેતા (ઉ ૬૮)**

તે સ્વ. નાનાલાલ પ્રભુજી મહેતાના પુત્ર

તેમજ હિંમતભાઈ, જયસુખભાઈ,

ચંદ્રકાંતભાઈ ( સી. એન. મહેતા રીટા. PI ),

અનિલભાઈના ભાઈશ્રીનું

આજરોજ તા. ૫-૫-૨૪ રવિવારના દુઃખદ અવસાન થયેલ છે

અંતિમ વિધિ પરિવાર દ્વારા સંપન કરી છે

**સદ્દગતનું બેસણું**

**તા. ૬-૫-૨૪ સોમવાર સાંજે ૫ ક. થી ૬ ક.**

જાગનાથ મંદિર, જલારામ સોસાયટી,

તળાવ ગેઈટ, જૂનાગઢ રાખેલ છે

**અનિલભાઈ - ૯૪૨૬૮ ૩૩૯૯૦**

મહેતા પરિવારના જય મહાદેવ



## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **પ્રદિપકુમાર માવજી ટાંક** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **પ્રદિપભાઈ માવજીભાઈ ટાંક** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**પ્રદિપભાઈ માવજીભાઈ ટાંક**

હીરેન એ-૫, કામનાથ નગર, મધુરમ બસસ્ટોપ,

ટીંબાવાડી, જૂનાગઢ - ૩૬૨૦૦૧



## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **ભાવનાબેન પ્રદિપકુમાર ટાંક** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **ભાવનાબેન પ્રદિપભાઈ ટાંક** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**ભાવનાબેન પ્રદિપભાઈ ટાંક**

હીરેન એ-૫, કામનાથ નગર, મધુરમ બસસ્ટોપ,

ટીંબાવાડી, જૂનાગઢ - ૩૬૨૦૦૧

# તા.૭ મે નાં મતદાનના દિવસે દિવ્યાંગજનોની સુગમતા માટે જૂનાગઢ જિલ્લાચૂંટણી તંત્રનો સંનિષ્ઠ પ્રયાસ





### જૂનાગઢજિલ્લા ની ૫ વિધાનસભામાં દિવ્યાંગજનો માટે ૨૫૯ વ્હીલ ચેર; મતદાનના દિવસે બે દિવ્યાંગ મતદાન રથ ઉપલબ્ધ રહેશે : દિવ્યાંગજનો, વૃદ્ધો,પ્રજ્ઞાચક્ષુ મતદારોની મદદ માટે ૧૭૦૦ સહાયકો મદદરૂપ બનશે

જૂનાગઢ,તા.૬

આવતીકાલ તા.૭ મેના રોજ લોકસભાની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની પેટા ચૂંટણીમાં દિવ્યાંગ મતદારો માટે વિશેષ સુવિધા ઉભી કરાશે. મતદાનના દિવસે દિવ્યાંગજનોની સુગમતા માટે જૂનાગઢ જિલ્લાની પાંચ વિધાનસભામાં ૨૫૯ વ્હીલ ચેરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવનાર છે.

આ સંદર્ભે પીડબ્લ્યુડી નોડલ ઓફિસરશ્રી વી.એ.સૈયદે જણાવ્યું હતું કે, તા. ૭ મેના રોજ દિવ્યાંગ મતદારો સરળતાથી અવરોધ રહિત મતદાન કરી શકે તે માટે જિલ્લાના પાંચ વિધાનસભાના મદદનીશ ચૂંટણી અધિકારીએ વ્હીલચેરની માંગણી કરવામાં આવી હતી. જે મુજબ કુલ ૧૮૮ વ્હીલ ચેરની ફાળવણી કરવામાં આવી છે.

જેમાં ૮૫- માણાવદરમાં ૪૦, ૮૬-જૂનાગઢ શહેર અને ગ્રામ્યમાં ૪૦, ૮૭-વિસાવદરમાં ૬૦, ૮૮-કેશોદમાં ૨૧ , ૮૯-માંગરોળમાં ૨૭ એમ કુલ પાંચ વિધાનસભામાં ૧૮૮ વ્હીલચેરની સુવિધા રહેશે. જયારે બાકીના વ્હીલ ચેરને જરુરિયાત મુજબ મતદાન મથકો પર ફાળવવામાં આવશે. આ ઉપરાંત જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની સૂચનાથી સીએસઆર એક્ટિવિટી હેઠળ ૧૨૯ વ્હીલચેરની ખરીદી કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અને કલેકટર શ્રી અનિલ રાણાવસિયાનો લોકશાહીના આ પર્વમાં દિવ્યાંગોને આદરભર્યું સ્થાન અપાવવા માટે હકારાત્મક અભિગમ રહ્યો છે. વિશેષમાં મતદાનના દિવસે બે દિવ્યાંગ મતદાન રથ ઉપલબ્ધ રહેશે. મંગલમૂર્તિ વિકલાંગ ટ્રસ્ટમાંથી, સાંત્વન વિકાસ મંડળ માખિયાળાથી, રાષ્ટ્રીય અંધજન મંડળથી, ચાંપરડા વૃદ્ધાશ્રમ/ અંધશાળાથી, વૃદ્ધ નિકેતન જૂનાગઢથી એમ કુલ ૬૦ વડીલો દિવ્યાંગો મતદારોને મતદાન કરવા લઈ જવા માટે ૨ મતદાન રથની ખાસ વ્યવસ્થા જૂનાગઢ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા રાખવામાં આવશે. જેથી દિવ્યાંગજનોને મતદાન કરવામાં સરળતા રહે.

આ ઉપરાંત કુલ ૮૪૯ મતદાનમથકમાં બુથ દીઠ ૨ એમ કુલ ૧૭૦૦ સહાયકોની નિમણુક કરવામા આવી છે. જે મતદાનના દિવસે દિવ્યાંગજનો, વૃદ્ધો,પ્રજ્ઞાચક્ષુ મતદારોની મદદ માટે રહેશે.


પ્રજ્ઞાચક્ષુ મતદાર માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમા જિલ્લા આપત્તિ વ્યવસ્થાપન ખાતે મતદાનના દિવસે બે જાણકાર શિક્ષકો ફરજ બજાવશે. જે પ્રજ્ઞાચક્ષુ મતદારોને મતદાન કરવામાં કોઈ મુશ્કેલી જણાય તો વીડિયો કોલ થી ત્વરિત માર્ગદર્શન આપશે.

વધુમાં બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી ખાતે ૦૨૮૫-૨૬૩૬૫૪૬ નંબરથી હેલ્પલાઈન શરૂ કરવામાં આવી છે. તેમજ જિલ્લાની કચેરી ખાતે હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવેલ છે કે જેથી કોઈ પણ દિવ્યાંગને મતદાન બાબતે કંઈ મુશ્કેલી હોય તો માહિતી મેળવી શકે છે. વિશેષમાં સ્વીપ અન્વયે જિલ્લામાં દિવ્યાંગ, સીનીયર સિટીઝન અને કિન્નરો માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવેલ છે.

જૂનાગઢમાં કસ્તુરબા ગાંધી વિદ્યાલયમાં સ્વીપ અંતર્ગત મેંહદી મૂકી મતદાર જાગૃતિ ફેલાવવામાં આવી

જૂનાગઢ તા.૪ આગામી ૭ મી મેં એ લોકસભાની સામાન્ય ચૂંટણી યોજનાર છે, જેને અનુલક્ષીને મહત્તમ મતદાન થાય તે માટે અનોખા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. ત્યારે જૂનાગઢ જિલ્લાના પાતાપુર ખાતે આવેલ કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય ખાતે વિદ્યાર્થિનીઓએ વોટ ફોર ઈંડિયા, મતદાન મારો અધિકાર જેવા સુત્રોચ્ચાર દ્વારા મહેંદી મુકાવી લોકોને મતદાન માટે અપીલ કરી હતી. આ કાર્યક્રમમાં માંગરોળ, માળિયા, કેશોદ, વંથલી તાલુકાની શાળાઓમાંથી ખૂબ મોટી માત્રામાં બહેનોએ ભાગ લીધો હતો.

# ભોજદે-ગિર નિવાસી સ્વ. શ્રી રવિભાઈ બાલકૃષ્ણ દવે (તલાટી મંત્રી, ધાવા-ગિર) ના સુપુત્ર ચિ. કુશલના યજ્ઞોપવિત સંસ્કાર સ્વ. રવિભાઈનું સ્ટેચ્યુ રાખીને સંપન્ન કરવામાં આવેલ



ગીર સોમનાથ તા. ૬

ભોજદે-ગિર નિવાસી સ્વ. રવિભાઈ બાલકૃષ્ણ દવે (તલાટી મંત્રી, ધાવા-ગિર) ના સુપુત્ર ચિ. કુશલ ના યજ્ઞોપવિત સંસ્કાર વિક્રમ સવંત ૨૦૮૦ના ચૈત્ર વદ-૫ ને સોમવાર તા. ૨૯/૪/૨૦૨૪ ના રોજ સ્વ. રવિભાઈ નું સ્ટેચ્યુ રાખીને સંપન્ન કરવામાં આવેલ. ચિ. કુશલ ના યજ્ઞોપવિત સંસ્કાર આઠમા વર્ષે કરવાના હતા પરંતુ વર્ષ ૨૦૨૦ માં કોરોના (લોકડાઉન) ના કારણે મુલતવી રાખવામાં આવ્યા હતા, ત્યારબાદ ૩૬ વર્ષની યુવાવસ્થામાં ૨૦૨૧ માં રવિભાઈ નું અકાળે અવસાન થતાં, તેમના ધર્મપત્ની ગં.સ્વ. શ્રધ્ધાબેન "પતિ એજ પરમેશ્વર" ના સિદ્ધાંતને વળગી રહીને, પતિની છત્રછાયા ગુમાવ્યા પછી વિપરિત સંજોગોનો સામનો કરી હિંમત રાખીને રવિભાઈ ના વારસ એવા ચિ.કુશલ નો સુપેરે ઉછેર કરી રહ્યા છે.

શ્રધ્ધાબેને આ યજ્ઞોપવિત સંસ્કાર પ્રસંગ ઉકેલી સમાજને આત્મવિશ્વાસ અને હિંમત રાખવાનું ઉદાહરણ પુરૂ પાડેલ છે. આવી કપરી પરિસ્થિતિમાં શ્રધ્ધાબેન ને તેમના પિતાશ્રી કૃષ્ણકાંત વૃજલાલ મહેતા, સાસરા શ્રી બાલકૃષ્ણ અમૃતલાલ દવે તેમજ સ્વ. રવિભાઈ ના બનેવી મેહુલભાઈ મહેતા તેમજ સ્નેહી સગાં અને મિત્રો નો સહકાર સાંપડી રહ્યો છે.

# જય અંબે હોસ્પિટલ ચાંપરડા દ્વારા સેવાનું એક કદમ







(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા. ૬


પુજ્ય શ્રી મુક્તાનંદ બાપુના આશીર્વાદથી વિસાવદરમાં કાર્યરત સેવાના ઉદ્દેશથી વિવિધ કાર્યો થાય છે જેમ કે શિક્ષણ , પર્યાવરણ , ખેતી અને રાહત દરે તથા વિનામૂલ્યે આરોગ્ય લક્ષી સેવાઓ ચાલે જ છે , જેમાં ફૂલ બોડી ચેકઅપ જેનો બજારમાં ૧૫૦૦ રૂપિયા જેવો લેબોરેટરી નો ચાર્જ સામાન્ય રીતે થતો હોય છે તે વિસાવદર તાલુકાના હાલમાં ૨૭ ગામોમાં સિનિયર સિટીઝન ના લોકોને એમ્બ્યુલન્સમાં ફ્રીમાં લઈ જઈ બોડી ચેકઅપ કરી નિદાન કરી ભોજન કરાવીને પરત મૂકી જવામાં આવે છે જે ખરેખર આવનારી બીમારીઓની અગાઉથી જાણકારી આપે છે આવી તો ઘણી બધી સેવાકીય પ્રવૃત્તિઓ જય અંબે હોસ્પિટલમાં ચાલે જ છે તેના માટે ગ્રામ્ય કક્ષાએ આરોગ્ય મિત્રની પણ નિમણૂક કરેલ છે જેથી કરીને સિનિયર સિટીઝનના લોકોને વિનામૂલ્યે સેવાનો લાભ આરોગ્ય મિત્રના સહકાર થી મળી રહે આજે વિસાવદર થી વિજયભાઈ ભુવા આરોગ્ય મિત્રએ વિસાવદરના દર્દીઓને રવાના કરેલ હતા માત્ર સેવાના ઉદ્દેશથી અને આરોગ્ય લક્ષી કાર્યમાં માર્ગદર્શન મળી રહે તેવા હેતુથી આરોગ્ય મિત્રનાં સહકારથી જય અંબે હોસ્પિટલના કમિટી મેમ્બર સંજયભાઈ વઘાસિયા આ સિવાય અન્ય સેવાકીય કામગીરી વિશે કહ્યું કે આરોગ્ય અને શિક્ષણથી વંચિત કોઈ ન રહે અને આવી સેવારત્ કાર્ય કરતી હોસ્પિટલ નો હજુ પણ ફુલ બોડી ચેકઅપ કેમ્પ ચાલુ જ રહેશે અને આવનારા સમયમાં તમે જાગૃતિના માધ્યમથી જ તંદુરસ્ત રહી શકશો તેમ જય અંબે હોસ્પિટલના હેલ્થ કમિટી મેમ્બર સંજયભાઈ વઘાસિયા એ જણાવ્યું હતું.

જય અંબે હોસ્પિટલ ના એડમીન ધર્મેન્દ્રભાઈ બારડ ની અખબારી યાદી જણાવે છે.

# ચૂંટણીમાં ફરજરત સુરક્ષાકર્મીઓની મતદાન કરી દેશ પ્રત્યેની ફરજ અદા કરવા કર્યો અનુરોધ







જૂનાગઢ તા.૬

ચૂંટણીમાં ફરજરત અધિકારી-કર્મચારીઓ મતાધિકારના ઉપયોગથી વંચિત ન રહે તે માટે પોસ્ટલ બેલેટથી મતદાન કરવાની સવલત આપવામાં આવે છે, ત્યારે આજે એક એવા દંપત્તિએ સજોડે મતદાન કરી દેશ પ્રત્યેની ફરજ અદા કરી હતી. સાથે જ આ દંપત્તીએ તા.૭મી મે એ સજોડે - સહપરિવાર મતદાન કરવા માટે પ્રેરણા પૂરી પાડી છે. પોલીસ કોન્સ્ટેબલ શ્રી હિતેશભાઈ માલમ અને તેમના ધર્મપત્ની પ્રજ્ઞાબેન સાથે પ્રાંત કચેરી- જૂનાગઢ ખાતે પોસ્ટલ બેલેટથી મતદાન કરવા માટે પહોંચ્યા હતા. તેમણે મતદાન કરી લોકોને પણ મતદાનની પવિત્ર ફરજ નિભાવવા માટે અપીલ કરી હતી. હિતેશભાઈ માલમ જણાવે છે કે, મતદાન કરીને અમે પતિ-પત્ની લોકશાહીના પર્વમાં સહભાગી બન્યા છીએ. ચૂંટણીમાં ફરજરત હોવાથી આજે મતદાનની તા.૭મે પહેલાં પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું છે. હવે મત આપવાનો વારો લોકોનો છે. આમ, લોકશાહીમાં મત આપવાનો એક આપણને અધિકાર પણ છે અને આપણી ફરજ પણ છે. ત્યારે દેશના માટેની જવાબદારી નિભાવી તા.૭મી મે એ પરિવાર - મિત્રો સાથે જરૂર મતદાન કરીએ. તેવી અપીલ કરી હતી. માંગરોળના સાંગાવાડા ગામના વતની એવા શ્રી હિતેશભાઈ માલમ જૂનાગઢ પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ફરજ બજાવે છે અને તેમના ધર્મપત્ની પ્રજ્ઞાબેન બી -ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરજ નિભાવી રહ્યા છે. આમ, આ પોલીસ દંપત્તી તા. ૭મી મે એ મતદાન કરવા માટે અન્ય લોકો માટે પ્રેરણારૂપ બન્યું છે.

# સુપ્રીમ કોર્ટે કેન્દ્રને બીએનએસની કલમ ૮૫ અને ૮૬માં જરૂરી ફેરફારો કરવા પર વિચારણા કરવા જણાવ્યું



નવી દિલ્હી, તા. ૬

દેશની સર્વોચ અદાલતે કેન્દ્ર સરકારને ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૮૫ અને ૮૬ માં જરૂરી ફેરફારો કરવા પર વિચારણા કરવા જણાવ્યું હતું. ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૫માં કહેવામાં આવ્યું છે કે 'જો કોઈ મહિલાનો પતિ અથવા તેના પતિનો સંબંધી તે મહિલા સાથે ક્રૂરતા કરે તો તેને ૩ વર્ષની જેલની સજા થશે. આ ઉપરાંત તેને દંડ પણ ભરવો પડી શકે છે.

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૮૬માં 'ક્રૂરતા'ની વ્યાખ્યામાં સ્ત્રીને માનસિક અને શારીરિક બંને રીતે નુકસાન પહોંચાડવાનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તેણે ૧૪ વર્ષ પહેલા કેન્દ્ર સરકારને દહેજ વિરોધી કાયદા પર ફરીથી વિચારણા કરવા કહ્યું હતું કારણ કે મોટી સંખ્યામાં નોંધાયેલી ફરિયાદોમાં આ ઘટનાને અતિશયોક્તિપૂર્ણ રીતે બતાવવામાં આવી છે. વાસ્તવમાં એક મહિલા દ્વારા પતિ વિરુદ્ધ દાખલ કરેલી દહેજ-ઉત્પીડન મામલાને રદ કરતા સમયે સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. જ્યારે પીડિત મહિલા દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆર અનુસાર, પુરુષ અને તેના પરિવારના સભ્યોએ કથિત રીતે દહેજની માંગ કરી અને તેને શારિરીક અને માનસિક ત્રાસ આપ્યો હતો. એફઆઈઆરમાં જણાવાયું છે કે મહિલાના પરિવારે તેના લગ્ન સમયે મોટી રકમ ખર્ચી હતી અને તેનું 'સ્ત્રીધન' પણ પતિ અને તેના પરિવારને સોંપ્યું હતું. જોકે, લગ્નના થોડા સમય બાદ પતિ અને તેના પરિવારજનોએ તેને ખોટા બહાને હેરાન કરવાનું શરૂ કર્યું હતું. બેન્ચે કહ્યું કે એફઆઈઆર અને ચાર્જશીટનું વાંચન કર્યા બાદ જાણવા મળે છે કે મહિલા દ્વારા લગાવવામાં આવેલા આરોપો ખૂબ જ અસ્પષ્ટ, સામાન્ય અને વ્યાપક છે, જેમાં ગુનાહિત વર્તનનું કોઈ ઉદાહરણ આપવામાં આવ્યું નથી. જો કે, સુપ્રીમ કોર્ટે રજિસ્ટ્રીને આ દરેક ચુકાદાની નકલ કેન્દ્રીય કાયદા અને ગૃહ સચિવો, કેન્દ્ર સરકારને મોકલવાનો નિર્દેશ આપ્યો હતો, જેઓ તેને કાયદા અને ન્યાય પ્રધાન તેમજ ગૃહ પ્રધાન સમક્ષ મૂકી શકે છે. આ કેસમાં સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ જે.બી.પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે સુનાવણી કરી હતી. બેન્ચે કહ્યું કે તે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની ક્રમશઃ કલમ ૮૫ અને ૮૬ પર ધ્યાન આપશે જેથી એ જાણી શકાય કે શું સંસદે સુપ્રીમ કોર્ટના સૂચનને ગંભીરતાથી લીધું છે કે નહીં. કારણ કે ભારતીય ન્યાય સંહિતા ૧ જૂલાઈથી લાગુ થવાની છે.

## પોલિંગ સ્ટાફે બેલેટ પેપરથી કર્યું મતદાન : આજ તા. ૬ઠ્ઠીની રાત્રી પોલિંગ સ્ટાફ મતદાન મથક પર વિતાવશે


જૂનાગઢ તા.૬

ચૂંટણી ફરજમાં રોકાયેલા અધિકારી-કર્મચારીઓ બેલેટ પેપરથી મતદાન કર્યું છે. ત્યારે હવે પોલિંગ સ્ટાફ તા. ૭મી મેના રોજ તાલીમ લઈ ચૂંટણી પ્રક્રિયા માટે સજ્જ બન્યો છે. પોલિંગ સ્ટાફ આવતીકાલ તા.૬ઠ્ઠી ના મતદાન પ્રક્રિયા માટે જરૂરી સાધન સામગ્રી લઈ મતદાન મથક પર જવા માટે રવાના થયા છે અને આજ તા. ૬ઠ્ઠીની રાત્રી મતદાન મથક પર જ વિતાવશે. ચૂંટણી ફરજમાં રોકાયેલા પોલિંગ ચૂંટણી કામગીરી માટે ખૂબ ઉત્સાહિત છે. મતદાન મથક પર ફરજ બજાવનાર શીતલબેન કોડીયાતર જણાવે છે કે, ચૂંટણી ફરજમાં રોકાયેલા હોવાથી પોસ્ટલ બેલેટથી મતદાન કરી ચુક્યા છીએ. હવે લોકોએ પરિવાર સાથે તા. ૭ મી મેં એ મતદાન કરવા માટે મતદાન મથક પર પહોચવાનું છે. તેવાજ ચૂંટણી ફરજમાં રોકાયેલા મોઢવાડિયા દેવીબેન, પ્રજ્ઞાબેન ભૂવા અને જુહી ગુપ્તાએ લોકોને અચૂક મતદાન કરવાનો અનુરોધ કર્યો હતો અને દેશના આ મહાપર્વમાં સહભાગી થવાનો આનંદ વ્યકત કર્યો હતો.

### જૂનાગઢના ગિરનારી ગ્રુપ દ્વારા ચાલી રહેલ પુસ્તક સેવા યજ્ઞ

# જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે આસ્થા હોસ્પિટલના ડો. ચિંતન યાદવ દ્વારા ૧૦૦૦ ફૂલ સ્કેપ નોટબુક અપાઈ







### સેવા પરમો ધર્મના સૂત્રને સાર્થક કરતુ ગિરનારી ગ્રુપ - ડો.આનંદ પોપટ

જૂનાગઢ તા. ૬

જૂનાગઢના ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની એક સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, વિદ્યાના દાનથી સંપૂર્ણ પરિવાર સમૃદ્ધ થઈ શકે એવા સુંદર મજાના વિચાર સાથે ધોરણ ૦૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે ગિરનારી ગ્રુપ દ્વારા ચાલી રહેલ પુસ્તક સેવા યજ્ઞ-૨૦૨૪માં એકજ વાલી હોય અથવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓનો સર્વે કરીને એમને વિનામૂલ્યે જુના પાઠ્ય પુસ્તકો તથા ફૂલ સ્કેપ નોટબુકનું વિતરણ કરવાનું આયોજન જુનાગઢ શહેર પૂરતું જ કરવામાં આવેલું છે. આ આયોજનમાં દાતાઓના બાળકોએ અભ્યાસ પૂર્ણ કરી લીધો હોય અને તેમના જુના પુસ્તકો ગિરનારી ગ્રુપને અર્પણ કરીને એ પાઠ્ય પુસ્તકો જરૂરીયાતમંદ વિદ્યાર્થીને પહોંચતા કરવા માટેના અભિયાનમાં પોતાનું યોગદાન આપેલું છે. તથા જૂનાગઢની આસ્થા હોસ્પિટલના ડૉ. ચિંતન યાદવ દ્વારા આ સેવા યજ્ઞમાં ૧૦૦૦ ફુલ સ્કેપ નોટબુક આપેલ છે. એ બદલ ગિરનારી ગ્રુપ દ્વારા સૌનો હૃદય પૂર્વક આભાર માન્યો છે. આ સેવા કાર્યમાં ગિરનારી ગ્રુપના સભ્યશ્રીઓ સમીરભાઈ દવે, નરેન્દ્રસિંહ ચુડાસમા, કીર્તિભાઈ પોપટ, દેવાંગ પંડ્યા, લલિત ગેરીયા, ભાર્ગવ દેવમુરારી, સંજય મહેતા, સંજય વાઢેર, અરશીભાઈ રામ, દિનેશભાઈ રામાણી સહિતના લોકો એ પોતાની સેવા આપેલી છે. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

### મહારાષ્ટ્રમાં મતદાન અગાઉ સરકારનો મોટો નિર્ણય

# ડુંગળીની નિકાસ પરનો પ્રતિબંધ આખરે હટાવાયો

**જો કે સરકારે જો ડુંગળીની નિકાસ શરૂ થશે તો ભાવ વધશે**

મુંબઈ, તા.૬

ભારત સરકારે એક મોટો નિર્ણય કરતા ડુંગળીની નિકાસ પર લાદવામાં આવેલા પ્રતિબંધને હટાવી લીધો છે. સરકારના આ નિર્ણયના પગલે મહારાષ્ટ્રના વેપારીઓને મોટી રાહત મળી છે. ઉલ્લેખનીય છે કે સરકારે આ નિર્ણય આગામી ત્રીજા તબક્કામાં મહારાષ્ટ્રમાં [redacted] પ્રાઈસ (ડુંગળીની લઘુતમ કિંમત) પ્રતિ ટન ૫૫૦ ડોલર નક્કી કરી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ ભારત સરકારે બાંગ્લાદેશે, શ્રીલંકા અને યુએઈ સહિતના દેશોની સરકારોએ વિનંતી કર્યા પછી ડુંગળીની ભારતમાંથી થતી નિકાસને મર્યાદિત કરી હતી. મહારાષ્ટ્ર ના ડુંગળીનો વેપાર કરતા વેપારીઓ [redacted] ડુંગળીની નિકાસ શરૂ થશે તો દેશમાં જ ડુંગળીના ભાવ વધશે તેવા ભયના પગલે તેની નિકાસને મર્યાદિત કરીને "પ્રોહિબિટેડ" કેટેગરીમાં મુકી દીધી હતી.

દેશી ચણાનું ઉત્પાદ ઘટશે તેવા સંકેતો મળતા સરકારે માર્ચ ૨૦૨૫ સુધી તેની પરની આયાત ડ્યુટીને હટાવી દીધી છે. આ સિવાય સરકારે પીળા વટાણા [redacted]

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# અમેરિકાની વણજોઈતી દખલ

ભારતમાં જ્યારે લોકસભાની ચૂંટણીઓ ચાલી રહી છે ત્યારે અહીં માનવાધિકારના ઉલ્લંઘનને લઈને આવેલા અમેરિકી વિદેશ વિભાગનો રિપોર્ટ શંકા પેદા કરે છે અને એટલે જ તેને ફગાવી દેવો એ જરૂરી હતું. એ સારું થયું કે ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ આ રિપોર્ટને પક્ષપાતી ગણાવી દીધો, સાથે જ તેમણે એમ પણ કહ્યું કે તે ભારત વિશેની ખરાબ સમજને દર્શાવે છે. આ ખરાબ સમજનો પરિચય અમેરિકાની સાથે જ અન્ય પશ્ચિમી દેશો પણ છાશવારે આપતા રહે છે. આ દેશોની સરકારો અને ત્યાંની સરકારી સહાયતા પ્રાપ્ત અથવા તો કથિત રૂપે સ્વતંત્ર સંસ્થાઓ તો મોટાભાગે ભારત વિશે એવું આકલન કરે છે, જે દુર્ભાવનાથી પ્રેરિત હોવાનું દેખાઈ આવે છે. કેટલીય વાર તો તેમની આ દુર્ભાવના ઉઘાડી હોય છે અને એટલે જ એવી સંસ્થાઓ ઉપહાસની પાત્ર બને છે. નિઃસંદેહ માનવાધિકારો અને અન્ય અનેક બાબતોમાં ભારતમાં બધું જ ઠીકઠાક ન હોય, પરંતુ શું અમેરિકા કે યુરોપમાં બધું જ ઠીકઠાક ચાલી રહ્યું છે? એવું પણ નથી કે ભારતમાં જ્યારે ક્યાંક માનવાધિકારોનું ઉલ્લંઘન કે પછી કોઈ અન્ય મોરચે કોઈ સમસ્યા પેદા થાય છે તો તેની અવગણના કરી દેવામાં આવે છે અને સંબંધિત સંસ્થાઓ અને અદાલતો હાથ પર હાથ દઈને બેસી રહેતી હોય.

એ શંકા કરવાનાં ઘણાં કારણો છે કે અમેરિકી વિદેશ વિભાગે પોતાના રિપોર્ટમાં મણિપુરનો ઉલ્લેખ માત્ર એટલા માટે કર્યો, કારણ કે તે ફક્ત એટલું જાણવા માગતું હતું કે ત્યાંના ઈસાઈઓ સાથે યોગ્ય વ્યવહાર ન થયો. આ રિપોર્ટમાં જે રીતે રાહુલ ગાંધીની સદસ્યતા રદ કરી દેવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો, તે પણ સવાલ ઊભા કરે છે. એ તો રાહુલ કંઈ એકલા એવા જનપ્રતિનિધિ નથી, જેમની સદસ્યતા રદ થઈ હોય. એવા તો કેટલાય જનપ્રતિનિધિઓ છે. એ પણ કોઈથી છૂપું નથી કે જે રીતે અદાલતના આદેશથી રાહુલ ગાંધીની સદસ્યતા રદ થઈ, એજ રીતે અન્ય નેતાઓની પણ થઈ હતી અને ઉચ્ચતર ન્યાયાલયોના આદેશથી બહાલ પણ થઈ ગઈ. શું અમેરિકા એમ ઇચ્છે છે કે ભારત સરકાર અદાલતોને આદેશ આપે કે તેમણે કેવા ચુકાદા આપવા? સમસ્યા એ નથી કે અમેરિકા કે અન્ય પશ્ચિમી દેશ સમયે સમયે ભારતની સમસ્યાઓ પર ચિંતા વ્યક્ત કરે છે. સમસ્યા એનાથી છે કે તેઓ કેટલીક ચુનંદી ઘટનાઓનો ઉલ્લેખ કરે છે. તેનાથી પણ ખરાબ વાત એ છે કે પશ્ચિમી દેશોની સંસ્થાઓ ક્યારેક એ શોધી લાવે છે કે ભારતની તુલનામાં પાકિસ્તાનમાં લોકો વધુ ખુશ છે અને ક્યારેક એ કે ભારતમાં લોકતંત્ર અંતિમ શ્વાસ ગણી રહ્યું છે. આવી હાસ્યાસ્પદ શોધ-સર્વેક્ષણો ભારત પ્રત્યે પશ્ચિમના દુરાગ્રહને જ દર્શાવે છે. બીજી ખરાબ વાત એ પણ છે કે પશ્ચિમી મીડિયાનો એક હિસ્સો પણ ભારત પ્રત્યે દુરાગ્રહ સેવે છે. તેના વલણથી એ જ સ્પષ્ટ થાય છે કે તેને ભારતનું વધતું કદ કઠી રહ્યું છે. સારું રહેશે કે પશ્ચિમ એ સમજે કે તેને દુનિયાને પોતાના હિસાબે ચલાવવાનો અધિકાર નથી મળ્યો.

# કોડીનાર વિસ્તારના મુસ્લિમોની રક્ષણની જવાબદારી મારી : પૂર્વ સાંસદ દીનુભાઈ



**ભાજપની સભામાં પૂર્વ સાંસદ દીનુભાઈ સોલંકી કોંગ્રેસ ઉપર વરસ્યા : કોણ કહે છે મુસ્લિમો કોંગ્રેસ નો વોટબેંક છે,મુસ્લિમો વિકાસ અને તેની સાથે રહેનાર ને સમર્પણ કરનાર કોમ છે, મારા માં જ્યાં સુધી જીવ માં જીવ છે આ વિસ્તારના મુસ્લિમો ની સુરક્ષા ની જવાબદારી મારી છે**

(અલ્તાફ મુગલ દ્વારા)
કોડીનાર તા.૬

કોડીનાર શહેરમાં જૂનાગઢ લોકસભા બેઠક ની ભાજપ ના ઉમેદવાર રાજેશભાઈ ચુડાસમા સમર્થન માં યોજાયેલ ભાજપ ની જાહેર સભા માં પૂર્વ સાંસદ દિનુભાઈ સોલંકી એ ગત વિધાનસભા ની ચુંટણીમાં પક્ષ વિરોધી કામ કરનારા લોકો અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહારો કરી કોડીનાર શહેર ની એકતા અખંડિતા અને ભાઈચારો જળવાઈ રહે તેવી ચૂંટણી લડવા આહ્વાન કરી અમે લોકો અમારા કરેલા વિકાસ ના કામો અને લોકોના સાથ સહકાર થી ચૂંટણીઓ લડીયે છીએ તેમ જણાવી કોડીનાર શહેર ની વિકાસ ગાથા અને કરેલા કામો જણાવી શહેર નો ભાઈચારો કાયમ રાખવા ભાર આપી લોકોને જણાવ્યું હતું કે કોણ કહે છે કે મુસ્લિમો કોંગ્રેસ ની વોટબેંક છે ? મુસ્લિમો વિકાસ અને તેની સાથે રહેનાર ને સમર્પણ આપનારી કોમ છે તેમ જણાવી તમે લોકો તેમની સાથે સારો વ્યવહાર રાખશો તો તે લોકો પણ તમને સાથ અને સહકાર આપશે અને તેનો અનુભવ મને છે તેમ કહી ગત વિધાનસભા ની ચુંટણીમાં કોડીનાર ના ૫૪ ટકા મુસ્લિમો એ ભાજપ ને મત આપ્યા હોવાનું જણાવી જ્યાં સુધી અમારા જીવ માં જીવ છે ત્યાં સુધી આ વિસ્તારના તમારા રક્ષણ અને સાથ સહકાર ની જવાબદારી મારી છે તેમ જણાવી શહેર ના કોઈપણ નાગરિક ને મૂંઝાવા કે કોઈ થી ડરવાની જરૂર નથી તેમ જણાવી ફરી થી શહેર નો ભાઈચારો જાળવી રાખવા આગ્રહ કર્યો હતો.

# આધાર હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડનો ઇક્વિટી શેર્સનો આઈપીઓ ૮ મે, ૨૦૨૪ના રોજ ખૂલશે

**પ્રત્યેક રૂા.૧૦ની ફેસ વેલ્યુના (ઈક્વિટી શેર) ઈક્વિટી શેર દીઠ રૂા.૩૦૦થી રૂા.૩૧૫નો પ્રાઈઝ બેન્ડ ફિક્સ કરવામાં આવ્યો છે : બિડ/ઓફર બુધવાર, ૮ મે, ૨૦૨૪ના રોજ ખૂલશે અને શુક્રવાર, ૧૦ મે, ૨૦૨૪ના રોજ બંધ થશે : એંકર ઈન્વેસ્ટર બિડિંગ તારીખ મંગળવાર, ૭ મે, ૨૦૨૪ રહેશે**




(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ તા.૬

આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ (“કંપની”) બુધવાર, ૮ મે, ૨૦૨૪ના રોજ તેના ઈક્વિટી શેર્સના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે (“ઓફર”). આઈપીઓમાં રૂા.૧૦,૦૦૦ મિલિયન (“ફ્રેશ ઈશ્યૂ”)ના મૂલ્યના ઈક્વિટી શેર્સના ફ્રેશ ઈશ્યૂ અને બીસીપી ટોપ્કો ૭ પીટીઈ લિમિટેડ (“પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર”) દ્વારા રૂા.૨૦,૦૦૦ મિલિયન સુધીના મૂલ્યના ઈક્વિટી શેર્સના જેટલી સંખ્યા સુધીના વેચાણ માટેની ઓફરનો સમાવેશ થાય છે (“ઓફર ફોર સેલ” અને ફ્રેશ ઈશ્યૂની સાથે મળીને, “ઓફર”).

કંપની ફ્રેશ ઈશ્યૂમાંથી મળનારી કુલ રકમનો ઉપયોગ (૧) ઓનવર્ડ લેન્ડિંગ માટે ભાવિ મૂડી જરૂરિયાતોને પહોંચી વળવા માટે તથા (૨) સામાન્ય કોર્પોરેટ હેતુઓ માટે કરવાની દરખાસ્ત કરે છે. ઈક્વિટી શેર્સ બેંગ્લોર ખાતે કર્ણાટકની રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (“આરઓસી”)માં ફાઈલ કરેલા ૩૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (“આરએચપી”) દ્વારા ઓફર કરવામાં આવી રહ્યા છે. આરએચપી દ્વારા ઈશ્યૂ કરાયેલા ઈક્વિટી શેર્સ બીએસઈ લિમિટેડ (“બીએસઈ”) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (“એનએસઈ”) (બીએસઈની સાથે મળીને એનએસઈ, “સ્ટોક એક્સચેન્જીસ”) જેવા શેરબજારો પર લિસ્ટ કરવાની યોજના છે. ઓફરના હેતુઓ માટે નિયુક્ત સ્ટોક એક્સચેન્જ એનએસઈ રહેશે. બ્લેકસ્ટોનના પ્રાઈવેટ ઈક્વિટી એશિયાના હેડ અમિત દિક્ષીતે જણાવ્યું હતું કે “આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ માટે આ લિસ્ટિંગ નોંધપાત્ર સીમાચિહ્ન છે અને તેનું પરિવર્તન અમે જે કંઈ શ્રેષ્ઠ કરીએ છીએ તેનું ઉદાહરણ છે: એવા બિઝનેસીસ ઊભા કરવા જે ભારતનું નિર્માણ કરે.

અમે બિઝનેસ વધારવા માટે અમારા સ્કેલ, નેટવર્ક અને શ્રેષ્ઠ ગ્લોબલ પ્રેક્ટિસીસ લાવ્યા છીએ અને કંપનીને તેની પ્રોસેસીઝ ડિજિટાઈઝ કરવા માટે સશક્ત બનાવી છે, ઓરિજિનેશનથી કલેક્શન સુધી. આ ખૂબ જ અદ્ભુત ભાગીદારી રહી છે અને આજે બિઝનેસ જ્યાં પહોંચ્યો છે તેનાથી અમે ગર્વ અનુભવીએ છીએ.” બ્લેકસ્ટોન પ્રાઈવેટ ઈક્વિટીના સિનિયર મેનેજિંગ ડિરેક્ટર મુકેશ મહેતાએ જણાવ્યું હતું કે “વંચિત ભારતીયોને પોતાનું ઘર ખરીદવા માટે સક્ષમ બનાવવા તથા કંપનીના પરિવર્તન તથા વૃદ્ધિમાં મહત્વનો ભાગ બનવામાં આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના મિશનનો ભાગ બનવું સન્માનની વાત છે. અમારી પ્રાથમિકતા કંપનીની લીડરશિપ સાથે ઘનિષ્ઠપણે જોડાઈને તથા કેપિટલ, રિસોર્સીસ માટે બ્લેકસ્ટોનની એક્સેસ તેમજ અમારી ટેકનોલોજીકલ નિપુણતાનો ઉપયોગ કરીને નિર્માણ કરવાની છે.” આધાર હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર રિશી આનંદે જણાવ્યું હતું કે, “પોતાનું ઘર ખરીદવા માટે લોકોને તથા પરિવારોને સશક્ત બનાવવાની અમારી સફરમાં આ નોંધપાત્ર સીમાચિહ્ન છે. ઘર બનેગા, તો દેશ બનેગાના સાચા અર્થમાં અમે રાષ્ટ્રનિર્માણની જવાબદારી ઉઠાવીએ છીએ અને મજબૂત સમુદાયો માટેનો પાયો નાંખીએ છીએ.” આઈસીઆઈસીઆઈ સિક્યોરિટીઝ લિમિટેડ, સિટીગ્રુપ ગ્લોબલ માર્કેટ્સ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ, કોટક મહિન્દ્રા કેપિટલ કંપની લિમિટેડ, નોમુરા ફાઈનાન્શિયલ એડવાઈઝરી એન્ડ સિક્યોરિટીઝ (ઈન્ડિયા) પ્રાઈવેટ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ આ ઓફરના બુક રનિંગ લીડ મેનેજર છે. આ પ્રેસ રિલીઝમાં જણાવવામાં આવેલી તમામ કેપિટલાઈઝ્ડ ટર્મ્સ જેની વ્યાખ્યા કરવામાં આવી નથી તેનો મતલબ આરએચપીમાં જણાવ્યા મુજબનો થશે. ઓફર સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સના નિયમન ૩૧ સાથે વાંચીનેએસસીઆરઆરના નિયમ ૧૯ (૨) (બી)ના સંદર્ભે કરવામાં આવી રહી છે. ઓફર સેબી આઈસીડીઆર નિયમનોના નિયમ ૬(૧)ના અનુસંધાનમાં અને બુક બિલ્ડિંગ પ્રોસેસ દ્વારા કરવામાં આવી રહી છે જેમાં નેટ ઓફરનો મહત્તમ ૫૦ ટકાહિસ્સો ક્વોલિફાઈડ ઈન્સ્ટિટ્યૂટશનલ બાયર્સ (“ક્યુઆઈબી”, અને આવો હિસ્સો “ક્યુઆઈબી પોર્શન”)ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે. અમારી કંપની બુક રનિંગ લીડ મેનેજર્સ સાથે ચર્ચા કર્યા બાદ સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ મુજબ વિવેકાધીન ધોરણે એંકર ઈન્વેસ્ટર્સને ક્યુઆઈબી પોર્શનના ૬૦ ટકા સુધીનો હિસ્સો ફાળવી શકે છે (“એંકર ઈન્વેસ્ટર પોર્શન”) જે પૈકી એક તૃત્યાંશ હિસ્સો સ્થાનિક મ્યુચ્યુઅલ ફંડ્સ માટે અનામત રહેશે જે એંકર ઈન્વેસ્ટર અલોકેશન પ્રાઈઝ કે તેનાથી વધુની કિંમતે મ્યુચ્યુઅલ ફંડ્સ તરફથી મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે. એંકર ઈન્વેસ્ટર પોર્શનમાં સબસ્ક્રીપ્શન ન થવા કે પછી ફાળવણી ન થવાના કિસ્સામાં બાકીના ઈક્વિટી શેર નેટ ક્યુઆઈબી પોર્શનમાં ઉમેરવામાં આવશે (એંકર ઈન્વેસ્ટર પોર્શન સિવાય એટલે કે “નેટ ક્યુઆઈબી પોર્શન”).

આ ઉપરાંત નેટ ક્યુઆઈબી પોર્શનના ૫ ટકા માત્ર મ્યુચ્યુઅલ ફંડ્સને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે અને નેટ ક્યુઆઈબી પોર્શનનો બાકીનો ભાગ મ્યુચ્યુઅલ ફંડ સહિત તમામ ક્યુઆઈબી બિડર્સ (એંકર ઈન્વેસ્ટર સિવાયના)ને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે જે ઓફર કિંમત અથવા તેનાથી વધુની કિંમતે પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સને આધીન રહેશે. આ ઉપરાંત, ઓફરનો લઘુતમ ૧૫ ટકા હિસ્સો નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સને પ્રમાણસર ધોરણે ફાળવણી માટે ઉપલબ્ધ રહેશે જે પૈકી (એ) નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સને ઉપલબ્ધ એક તૃત્યાંશ હિસ્સો રૂા.૦.૨ મિલિયનથી વધુ અને રૂા.૧ મિલિયન સુધીની એપ્લિકેશન સાઈઝ ધરાવતા અરજીકર્તાઓ માટે આરક્ષિત રહેશે (બી) નોન-ઈન્સ્ટિટ્યૂશનલ ઈન્વેસ્ટર્સને ઉપલબ્ધ બે તૃત્યાંશ હિસ્સો રૂા.૧ મિલિયન કરતા વધુની એપ્લિકેશન સાઈઝ ધરાવતા અરજીકર્તાઓ માટે અનામત રહેશે, એ શરતે કે આ બંને સબ-કેટેગરીમાંથી ગમે તેમાં સબસ્ક્રાઈબ ન થયેલો હિસ્સો નોન-ઈન્સ્ટિટ્યૂશનલ બિડર્સની અન્ય સબ-કેટેગરીમાં અરજીકર્તાઓને ફાળવવામાં આવી શકે છે જે ઓફર પ્રાઈઝ કે તેનાથી વધુ કિંમતે મળેલી માન્ય બિડ્સને આધીન રહેશે અને નેટ ઓફરનો લઘુતમ ૩૫ ટકા હિસ્સો સેબી આઈસીડીઆર રેગ્યુલેશન્સ મુજબ રિટેલ ઈન્ડિવિડ્યુઅલ બિડર્સ (“આરઆઈબી”)ને ફાળવવામાં આવશે જે ઓફર પ્રાઈઝના જેટલી અથવા તેનાથી વધુ કિંમતે પ્રાપ્ત થયેલી માન્ય બિડ્સને આધીન રહેશે.

એંકર ઈન્વેસ્ટર્સ સિવાયના તમામ સંભવિત બિડર્સે તેમના સંબંધિત બેંક ખાતાની વિગતો (યુપીઆઈ બિડર્સના કિસ્સામાં યુપીઆઈ આઈડી (અહીં જણાવ્યા મુજબ))ની વિગતો પૂરી પાડીને બ્લોક્ડ અમાઉન્ટ (ASBA) પ્રોસેસ દ્વારા સમર્થિત અરજીનો ફરજિયાત ઉપયોગ કરવાનો રહેશે જેનેઓફરમાં ભાગ લેવા માટે લાગુપાત્ર સ્પોન્સર બેંકો અથવા એસસીએસબી દ્વારા બ્લોક કરવામાં આવશે. એંકર ઈન્વેસ્ટર્સને છજીમ્છ પ્રોસેસ દ્વારા ઓફરના એંકર ઈન્વેસ્ટર પોર્શનમાં ભાગ લેવાની પરવાનગી નથી.

# ઉના : જીઆરડી જવાને મોબાઈલ મુળ માલીકને પરત કર્યો



(નવીન જોષી દ્વારા)
ઉના તા.૬

ઉના શહેર મા ફરજ બજાવતા જી. આર.ડી યુવાન કેતન ભાઈ લાલજી ભાઈ ચાવડા ટાવર ચોક થી વેરાવળ રોડ ઉપર પેટ્રોલિંગ માં હતા ત્યારે તેમને સેમસંગ કંપની નો ગ્રે કલર નો સ્માર્ટ ફોન અંદાજિત રૂપિયા ૧૭૦૦૦/નો મળતા તેમને જમાદાર ને વાત કરતા મૂળ માલિક મનોજ ભાઈ ઈન્દુભાઈ જાની રે. દીવ વાળા ને શોધી રૂબરૂ પરત આપી પ્રમાણિક તા બતાવી હતી અને ઊના ના પોલીસ ઈન્સ્પેકટર મહેન્દ્ર સિંહ રાણા એ તેમને ધન્યવાદ આપેલ હતા.

# ગીરનાર વન્ય પ્રાણી અભયારણ્ય પાસેના સુપ્રસિદ્ધ પ્રાચીન ઈન્દ્રેશ્વર મહાદેવના દર્શનાર્થીઓની મહત્તમ મતદાનનો

જૂનાગઢના દોલતપરાની ગૃહિણી કહે છે કે "તા.૭ ના હું પરિવારે સાથે મતદાન



જૂનાગઢ તા.૬

લોકસભાની સામાન્ય ચૂંટણીના ગણતરીના દિવસો બાકી છે. જેને સંદર્ભે જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લાભરમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ સમગ્ર ચૂંટણી તંત્ર દ્વારા થઈ રહ્યા છે.

ત્યારે ગીરનાર વન્ય પ્રાણી અભયારણ્ય પાસેના જૂનાગઢના દોલતપરા ખાતેનાં સુપ્રસિદ્ધ અતિ પ્રાચીન ઈન્દ્રેશ્વર મહાદેવ મંદિરનાં દર્શન માટે આવેલા જયશ્રીબેન ફલિયા જણાવે છે કે, તે એક ગૃહિણી છે અને દેશના ઉજ્જવળ ભાવિ માટે યોગ્ય ઉમેદવારની પસંદગી કરવી ખૂબ જરૂરી છે. ચૂંટણીના દિવસે સમય કાઢી હું મારા પરિવાર સાથે વહેલી સવારે મતદાન કરી પોતાના મતાધિકારનો ઉપયોગ કરીશ. ત્યારબાદ ઘરનું સમગ્ર કામ કરે છે. અમારા દોલત પરા ઉપરાંત સમગ્ર જૂનાગઢ જિલ્લાની ગૃહિણીઓ પણ મહત્તમ મતદાન કરી પોતાની ફરજ અદા કરવાની અપીલ કરૂ છું.

## ઉનામાં પૈસા ભરેલ પાકીટ પરત કર્યુ

(નવીન જોષી દ્વારા)
ઉના તા.૬

ઉના પીપલ્સ બેંકમાં દૈનિક બચતની કામગીરી કરનાર જીતુભાઈ એમ.પારેખ નું પૈસાનું પાકીટ નીતિવાન વ્યક્તિ ડોળાસા ગામના શ્રી ભરતભાઈ પૂજારી છે.તેમને જીતુભાઈ પારેખનું કિંમતી રકમ ભરેલ પાકીટ જીતુ ભાઈ ના ઘરે જય પરત કરેલ છે.

# આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જીવનમાં કંઈક મેળવવા માટે તપ કરવું
સૌથી વધારે જરૂરી છે...

- ઋગ્વેદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૧૩ શિવરાત્રી, પંચક (સાંજે ૫:૪૩ ક.થી સમાપ્ત) તા.૬ મે ૨૦૨૪, સોમવાર, પારસી તા.૨૫, મુસ્લિમ તા.૨૬, રેવતી નક્ષત્ર, પ્રીતિ યોગ, વિષ્ટી કરણ, સૂ.ઉ.૬:૧૫, સૂ.અ.૭:૨૦
આજનો દિવસ અશુભ છે
આજે જન્મેલા બાળકની રાશી મીન (દ ચ ઝ થ), સાંજે ૫:૪૩ ક. પછી જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

# સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા. ૦૬-૦૫-૨૦૨૪ થી ૧૨-૦૫-૨૦૨૪ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**
કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરાયીત વર્ગને ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ ટાળવો હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**
સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમિયાન ખૂબ જ કાળજી રાખવી નહિંતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમિયાન કાર્ય સફળતા માટે મહેનત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીયભાગીદાર સાથે મનદઃખ થાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**
આર્થિક લાભની તક અપાવનારું આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રે નવિન ફેરફારો થાય તેવી શક્યતા છે. નોકરીયાત વર્ગને ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમિયાન જમીન-વાહનને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**
આ સપ્તાહ દરમિયાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાનસંબંધિ ચિંતા અનુભવાય.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**
આ સપ્તાહ દરમિયાન હરવા-ફરવાનો પ્રસંગ બને. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેક્ટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનવું. વિશ્વાસે વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**
નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મેળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારને લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તે બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**
આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુકશાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહનપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**
ભૌતિક સુખમાં વધારો કરનારું આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઈ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારું હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારું આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ ભરી દેશે.

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**
પારિવારીક કે સામાજિક કાર્યોની અધિક્તા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**
નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારું આ સપ્તાહ સમસ્યાઓનું સમાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**
કાર્યબોજની અધિક્તાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. રોકાયેલા નાણા છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી અનુભવાય.

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**
આ સપ્તાહ દરમિયાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપયશના ભાગીદાર બનવું પડે. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી.

# જ્ઞાન સહાયકોની કામગીરીની સમીક્ષા કરી કરાર રિન્યુ કરવાનો નિર્ણય કરાયો

## સ્કૂલોએ ૧૫ મે સુધીમાં સમીક્ષા કરી સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર આપવાનું રહેશે

અમદાવાદ, તા.૬

રાજયની સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક પામેલા જ્ઞાન સહાયકોનો કરાર ૮ મેના રોજ પૂર્ણ થઈ રહ્યો છે, ત્યારે નવા શૈક્ષણિક વર્ષમાં પ્રથમ દિવસે જ જ્ઞાન સહાયકો મળી રહે તે માટે હાલના જ્ઞાન સહાયકોની કામગીરીની સમીક્ષા કરી તેમના કરાર ૧૧ માસ માટે રિન્યુ કરવાનું નક્કી કરાયું છે. આ માટે ૧૫ મે સુધીમાં જ્ઞાન સહાયકોની કામગીરીની સ્કૂલ મેનેજમેન્ટ કમિટી-શાળા સંચાલક મંડળ દ્વારા સમીક્ષા કરી સંતોષકારક કામગીરી હોય તો તે અંગેનું પ્રમાણપત્ર જ્ઞાન સહાયકોને આપવું પડશે. ત્યારબાદ જ્ઞાન સહાયક નવેસરથી મંડળને અરજી કરી શકશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, જ્ઞાન સહાયક યોજના અંતર્ગત માધ્યમિક શાળાઓમાં તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં નિમણૂક મેળવેલા જ્ઞાન સહાયકોનો કરાર ૪ મે સુધી કરવા સૂચના આપવામાં આવી હતી. જો કે, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ઉનાળુ વેકેશનની તારીખમાં ફેરફાર કરવામાં આવતા જ્ઞાન સહાયકોના કરારનો સમયગાળો ૮ મે સુધી લંબાવવાનો નિર્ણય કરાયો હતો. દરમ્યાન આગામી સમયમાં જ્ઞાન સહાયકોના કરારની મુદત પૂર્ણ થઈ રહી હોવાથી નિયત થયેલી જોગવાઈઓ અનુસાર જ્ઞાન સહાયકની કામગીરીની સમીક્ષા બાદ કરાર રિન્યુ કરવા સંદર્ભે શાળાઓને સૂચના આપવા જિલ્લા શિક્ષણાધિકારીઓને તાકીદ કરવામાં આવી છે.

સરકારી અને ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં દ્વિતીય સત્ર શરૂ થયેથી વિદ્યાર્થીઓનું શૈક્ષણિક કાર્ય સૂચારૂરૂપે ચાલી શકે અને નવું સત્ર શરૂ થયેથી વેકેશન ખુલ્યાના પ્રથમ દિવસથી જ જ્ઞાન સહાયક ઉપલબ્ધ થઈ શકે તે હેતુસર ૧૧ માસના સમયગાળા સુધી જ્ઞાન સહાયકોના કરાર રિન્યુ કરવા અંગેની કામગીરી હાથ ધરવાની રહેશે. જ્ઞાન સહાયક કરાર પૂર્ણ થતાં સુધીમાં SMDC-શાળા સંચાલક મંડળ દ્વારા તેઓએ કરેલી કામગીરીની સમીક્ષા પૂર્ણ કરવા પણ જણાવાયું છે. સમીક્ષા બાદ જ્ઞાનસહાયકની કામગીરી સંતોષકારક જણાય તો તે બદલનું પ્રમાણપત્ર જ્ઞાનસહાયકને આપવાનું રહેશે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ૮ મેના રોજ કરાર સમાપ્ત થશે. નવા શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે વેકેશન પૂર્ણ થયા બાદ શાળાઓનું નવું સત્ર શરૂ થયાના પ્રથમ દિવસથી ૧૧ માસના સમયગાળા સુધી જ્ઞાન સહાયકોના કરાર રિન્યુ કરવા માટે કાર્યવાહી હાથ ધરવા સૂચના અપાઈ છે. જેમાં સંતોષકારક કામગીરીનું પ્રમાણપત્ર મેળવેલા જ્ઞાનસહાયક સંબંધિત SMDC/શાળા સંચાલક મંડળને નવેસરથી અરજી કરી શકશે. SMDC/શાળા સંચાલક મંડળ જ્ઞાન સહાયકની અરજી અને સમીક્ષાના અંતે મેળવેલા સંતોષકારક કામગીરીના પ્રમાણપત્રને આધારે જરૂર જણાયેથી સંબંધિત જ્ઞાન સહાયકનો નવો કરાર ૧૩ જૂનથી ૧૧ માસ માટે કરી શકશે. જ્ઞાન સહાયક જે શાળામાં નિમણૂક થયેલો છે તે જ શાળા માટે નવો કરાર કરી શકાશે.

### લ્યો હવે...પોલિસીનું પ્રીમિયમ ૧૦થી ૧૫% વધી શકે છે

# વીમા કંપનીઓની વિવિધ પોલિસીના પ્રીમિયમમાં ફેરફાર કરવા વિચારણા

## વીમા કંપનીઓ ઈ-મેઈલ દ્વારા ગ્રાહકોને માહિતી આપી રહી છે




નવી દિલ્હી, તા.૬

જો તમારી પાસે હેલ્થ ઈન્સ્યોરન્સ છે અને તેનું રિન્યૂઅલ છે, તો આ સમાચાર ચોક્કસ તમારા માટે જ છે. હા, વીમા રેગ્યુલેટર IRDAIએ તાજેતરમાં નિયમોમાં કેટલાક ફેરફાર કર્યા છે. આ પછી વીમા ક્ષેત્રમાં કેટલાક ફેરફારો થઈ શકે છે. તેની અસર ભવિષ્યમાં વીમા પ્રિમીયમ ઉપર જોવા મળી શકે છે. નવા નિયમ અનુસાર, હવે તમારે વીમા દાવા માટે વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી રાહ જોવી પડશે. અગાઉ આ સમય મર્યાદા ચાર વર્ષની હતી. IRDAI દ્વારા કરવામાં આવેલા ફેરફારો બાદ વીમા કંપનીઓ વિવિધ પોલિસીના પ્રીમિયમમાં ફેરફાર કરવા ઉપર વિચાર કરી રહી છે. ACKO જનરલ ઈન્સ્યોરન્સ કંપનીના વાઈસ ચેરમેન રુપિન્દરજીત સિંહે જણાવ્યું હતું કે કેટલીક વીમા કંપનીઓ પ્રીમિયમમાં ૧૦%થી ૧૫% વધારો કરી શકે છે. IRDAI દ્વારા તાજેતરના ફેરફારોમાં, એક નિયમ એવો પણ છે કે હવે સ્વાસ્થ્ય વીમા પોલિસી ખરીદવા માટે કોઈ વય મર્યાદા નથી. અગાઉ આ મર્યાદા ૬૫ વર્ષની હતી. તેમણે કહ્યું કે વધતી ઉંમર સાથે રોગનું જોખમ વધે છે, તેથી પ્રીમિયમની રકમ પણ ઉંમર પ્રમાણે વધારી શકાય છે. HDFC ERGO એ પ્રીમિયમમાં ફેરફાર વિશે ગ્રાહકોને પહેલેથી જ જાણ કરી દીધી છે. HDFC ERGO કહે છે કે કંપની સરેરાશ ૭.૫% થી ૧૨.૫% પ્રીમિયમ વધારશે. વીમા કંપનીઓ પણ ઈ-મેલ દ્વારા ગ્રાહકોને આ અંગેની માહિતી આપી રહી છે. વીમા કંપનીઓ દ્વારા આપવામાં આવેલી માહિતીમાં કહેવામાં આવ્યું હતું કે તમને સારો પ્લાન આપવા માટે પ્રીમિયમ રેટમાં થોડો વધારો કરવો પડશે. એક રિપોર્ટ અનુસાર, ૨૦૧૯ થી ૨૦૨૪ સુધીના છ વર્ષમાં સરેરાશ રકમ ૪૮% વધીને ૨૬,૫૩૩ રૂપિયા થઈ ગઈ છે. આ વધારા માટે બે કારણો જણાવવામાં આવી રહ્યા છે. પ્રથમ, સારવારના ખર્ચમાં ઝડપી વધારો અને બીજું, કોવિડ-૧૯ રોગચાળા પછી આરોગ્ય વીમા વિશે લોકોમાં જાગૃતિ વધી રહી છે. વીમા યોજનાની કામગીરીની સમીક્ષા કરવાની સાથે કંપનીઓએ સારવારના ખર્ચમાં થયેલા વધારાને પણ ધ્યાનમાં લીધા છે. તમારી ઉંમર અને શહેર ઉપર આધાર રાખીને, પ્રીમિયમમાં થોડો વધારે કે ઓછો વધારો થઈ શકે છે. HDFC Ergo કહે છે કે પ્રીમિયમમાં વધારો થોડો પરેશાન કરી શકે છે પરંતુ તે જરૂરી હોય ત્યારે જ કરવામાં આવે છે. આ IRDAI ને જાણ કરીને કરવામાં આવે છે. દરોમાં આ ફેરફાર રિન્યુઅલ પ્રીમિયમને અસર કરી શકે છે. ઈન્સ્યોરન્સના રિન્યુંની તારીખ જેમ જેમ નજીક આવશે તેમ પોલિસીધારકોને આ વિશે જાણ કરવામાં આવશે. તેમણે કહ્યું કે જો વય સંબંધિત સ્લેબ દર પાંચ વર્ષે બદલાય છે, તો પ્રીમિયમ સરેરાશ ૧૦% થી ૨૦% સુધી વધી શકે છે. આવું એટલા માટે થાય છે કારણ કે વીમા કંપનીઓએ તેમના ખર્ચાઓનું ધ્યાન રાખવું પડે છે. ઉપરાંત, ભારતમાં તબીબી ફુગાવો લગભગ ૧૫% છે, જે પ્રીમિયમમાં વધારો કરવાનું બીજું કારણ છે. એક ઓનલાઈન ઈન્સ્યોરન્સ બ્રોકરના ડેટા અનુસાર, છેલ્લા કેટલાક વર્ષોમાં દેશમાં હેલ્થ ઈન્સ્યોરન્સ લેનારા લોકો દ્વારા ચૂકવવામાં આવતી સરેરાશ રકમમાં નોંધપાત્ર વધારો થયો છે.

# ૨૦ વિશ્વકપ માટે અત્યાર સુધી ૯ દેશોએ જાહેર કરી પોતાની ટીમ

## દરેક દેશ ૨૫ મે સુધી પોતાની ટીમમાં ફેરફાર કરી શકે છે

નવી દિલ્હી તા.૬

T20 વિશ્વકપની શરૂઆત ૧ જૂનથી અમેરિકા અને વેસ્ટઈન્ડિઝની ધરતી ઉપર થઈ રહી છે. આ વખતે T20 વિશ્વકપમાં ૨૦ ટીમો ભાગ લઈ રહી છે. આ ટીમોને પાંચ-પાંચના ચાર ગ્રુપમાં રાખવામાં આવી છે. દરેક ગ્રુપની બે ટીમો સુપર-૮ માટે ક્વોલીફાઈ કરશે. ફેન્સ આ વૈશ્વિક ટુર્નામેન્ટને લઈને ખૂબ ઉત્સાહિત છે. T20 વિશ્વકપ ૨૦૨૪ માટે અત્યાર સુધી ૯ દેશોએ પોતાની ટીમ જાહેર કરી દીધી છે. કેનેડાની તેમાં નવી એન્ટ્રી છે.

T20 વિશ્વકપ ૨૦૨૪ માટે ન્યુઝીલેન્ડે સૌથી પહેલા ટીમની જાહેરાત કરી હતી. T20 વિશ્વકપ માટે અત્યાર સુધી ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા, ભારત, સાઉથ આફ્રિકા, ઓમાન, નેપાળ, કેનેડા અને અફઘાનિસ્તાને પોતાની ટીમ જાહેર કરી છે. કેનેડાએ આગામી T20 વિશ્વકપ માટે પોતાનો કેપ્ટન સાદ બિન ઝફરને બનાવ્યો છે. દરેક દેશ ૨૫ મે સુધી પોતાની ટીમમાં ફેરફાર કરી શકે છે.

**કેનેડા** :- સાદ બિન ઝફર (કેપ્ટન), એરોન જોન્સન, ડિલન હેઈલિગર, દિલપ્રીત બાજવા, હર્ષ ઠાકર, જેરેમી ગોર્ડન, જુનૈદ સિદીકી, કલીમ સના, કંવરપાલ તથગુર, નવનીત ધાલીવાલ, નિકોલસ કિર્ટન, પરગટ સિંહ, રવિન્દરપાલ સિંહ, રેયાન ખાન, મોહન શ્રેણવ. રિઝર્વઃ તજિન્દર સિંહ, આદિત્ય વરદરાજન, અમ્મર ખાલિદ, જતિન્દર મથારૂ, પરવીન કુમાર.

**અફઘાનિસ્તાન** :- રહેમાનુલ્લા ગુરબાઝ (વિકેટકીપર), ઈબ્રાહીમ ઝાદરાન, અઝમતુલ્લા ઉમરઝાઈ, નજીબુલ્લાહ ઝાદરાન, મોહમ્મદ ઈશાક, મોહમ્મદ નબી, ગુલબદીન નાયબ, કરીમ જનાત, રાશિદ ખાન (કેપ્ટન), નાંગ્યાલ ખરોતી, મુઝીબ ઉર રહેમાન, નૂર અહેમદ, નવીન ઉલ હક, ફઝલહક ફારૂકી, ફરીદ અહેમદ મલિક. રિઝર્વઃ સાદિક અટલ, હઝરતુલ્લા ઝાઝાઈ, સલીમ સફી

**ઓસ્ટ્રેલિયા** :- મિશેલ માર્શ (કેપ્ટન), એશ્ટન અગર, પેટ કમિન્સ, ટિમ ડેવિડ, નાથન એલિસ, કેમેરૂન ગ્રીન, જોશ હેઝલવૂડ, ટ્રેવિસ હેડ, જોશ ઈંગ્લિસ, ગ્લેન મેક્સવેલ, મિચેલ સ્ટાર્ક, માર્કસ સ્ટોઈનિસ, મેથ્યુ વેડ, ડેવિડ વોર્નર, એડમ ઝમ્પા.

**ઈંગ્લેન્ડ** :- જોસ બટલર (કેપ્ટન), મોઈન અલી, જોફ્રા આર્ચર, જોનાથન બેયરસ્ટો, હેરી બ્રૂક, સેમ કરન, બેન ડકેટ, ટોમ હાર્ટલી, વિલ જેક્સ, ક્રિસ જોર્ડન, લિયામ લિવિંગસ્ટોન, આદિલ રાશિદ, ફિલ સોલ્ટ, રીસ ટોપલી, માર્ક વૂડ.




**ભારત** :- રોહિત શર્મા (કેપ્ટન), હાર્દિક પંડ્યા (વાઈસ-કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, ઋષભ પંત (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), શિવમ દુબે, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ.

**નેપાળ** :- રોહિત પૌડેલ (કેપ્ટન), આસિફ શેખ, અનિલ કુમાર શાહ, કુશલ ભુર્તેલ, કુશલ મલ્લા, દીપેન્દ્રસિંહ એરી, લલિત રાજબંશી, કરણ કેસી, ગુલશન ઝા, સોમપાલ કામી, પ્રતિસ જીસી, સંદીપ જોરા, અવિનાશ બોહરા, સાગર ધકાલ, કમલ સિંહ એરી .

**ન્યુઝીલેન્ડ** :- કેન વિલિયમસન (કેપ્ટન), ફિન એલન, ટ્રેન્ટ બોલ્ટ, માઈકલ બ્રેસવેલ, માર્ક ચેપમેન, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ડેરીલ મિશેલ, જિમી નીશમ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવિન્દ્ર, મિશેલ સેન્ટનર, ઈશ સોઢી, ટિમ સાઉથી.

**ઓમાન** :- આકિબ ઈલ્યાસ (કેપ્ટન), ઝીશાન મકસૂદ, કશ્યપ પ્રજાપતિ, પ્રતિક અઠાવલે (વિકેટકીપર), અયાન ખાન, શોએબ ખાન, મોહમ્મદ નદીમ, નસીમ ખુશી (વિકેટમાં), મેહરાન ખાન, બિલાલ ખાન, રફીઉલ્લાહ, કલીમુલ્લાહ, ફૈયાઝ બટ્ટ, શકીલ અહેમદ, ખાલિદ કેલ. અનામતઃ જતિન્દર સિંહ, સમય શ્રીવાસ્તવ, સુફિયાન મહેમૂદ, જય ઓડેદરા.

**સાઉથ આફ્રિકા** :- એડન માર્કરમ (કેપ્ટન), ઓટનીલ બાર્ટમેન, ગેરાલ્ડ કોએત્ઝી, ક્વિન્ટન ડી કોક, બ્યોર્ન ફોર્ટુઈન, રીઝા હેન્ડ્રિક્સ, માર્કો જાનસન, હેનરિક ક્લાસેન, કેશવ મહારાજ, ડેવિડ મિલર, એનરિક નોર્ત્જે, કગિસો રબાડા, રયાન રિકેલ્ટન, તબરેઝ શમ્સી, ટ્રિસ્ટન સ્ટબ્સ.

# પોર્ટલ ઉપર એન્ટ્રી ન થતાં રાજ્યના ૧.૧૧ લાખ વિદ્યાર્થી પ્રિ-મેટ્રિક સ્કોલરશીપથી વંચિત

## શિક્ષણ વિભાગ દ્વારા તાત્કાલિક પેન્ડિંગ એન્ટ્રીની કામગીરી કરવા માટે સૂચના અપાઈ

અમદાવાદ, તા.૬

રાજ્યનાં ધોરણ-૧થી ૧૦માં અભ્યાસ કરતાં ૧.૧૧ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓ પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિથી વંચિત રહ્યા હોવાનું જાણવા મળે છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ પૂર્ણ થયું હોવા છતાં શિષ્યવૃત્તિ માટે વિદ્યાર્થીઓની પોર્ટલમાં એન્ટ્રી જ કરવામાં આવી ન હોવાની વિગતો સામે આવી છે. આ બાબત શિક્ષણ વિભાગના ધ્યાને આવતા તાત્કાલીક તમામ જિલ્લાઓમાં પેન્ડિંગ કામગીરી પૂર્ણ કરવા માટે આદેશ કરાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર પ્રાથમિક શિક્ષણ નિયામક કચેરી દ્વારા પાઠવેલા પત્રમાં જણાવાયું હતું કે, પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ ધોરણ-૧થી ૮ના ૨૩૪૫૯ વિદ્યાર્થીઓની ડિજિટલ ગુજરાત પોર્ટલમાં એન્ટ્રી પૂર્ણ ન કરી હોય તેમજ જો વિદ્યાર્થીઓની એન્ટ્રી પૂર્ણ કરેલ હોય તો તેમની પ્રપોઝલ બનાવી વિગતો મોકલી ન હોવાથી વિદ્યાર્થીઓની વિગતો શાળા કક્ષાએ પેન્ડીંગ રહેલી છે. આમ, જે વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મેળવવાની બાકી તેવા વિદ્યાર્થીઓની વિગતો મોકલી આપવામાં આવી છે. આ વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની કામગીરી શાળા કક્ષાએ પેન્ડિંગ રહેલી છે. જે પૂર્ણ કરવા તમામ જિલ્લાના અધિકારીઓ દ્વારા તાત્કાલિક કાર્યવાહી કરવામાં આવે તેવી સૂચના અપાઈ છે. આ ઉપરાંત ધોરણ-૯ અને ૧૦ના કુલ ૮૩,૭૭૧ વિદ્યાર્થીઓની પણ આ જ સ્થિતિ છે. જેમાં એન્ટ્રી પૂર્ણ ન કરી હોય, વિદ્યાર્થીઓ દ્વારા તેમનું આધાર કાર્ડ, બેંક એકાઉન્ટ સાથે લિંક કરેલું નથી. આમ આવા વિવિધ કારણોસર ૧.૧૧ લાખથી વધુ વિદ્યાર્થીઓ વર્ષ પૂર્ણ થયા બાદ પણ શિષ્યવૃત્તિથી વંચિત રહેવા પામ્યા છે.


# આ ચૂંટણીમાં કોંગ્રેસની બેઠકો તમામ વખત કરતા ઓછી આવશે

બર્ધમાન, તા.૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં ભારપૂર્વક જણાવ્યું હતું કે, લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસની બેઠકોની સંખ્યા ‘ઓલ ટાઈમ ઓછી’ હશે. તેમણે રાહુલ ગાંધી ઉપર મજાક કરતાં કહ્યું કે, તેમની હાલની વાયનાડમાં તેમને ‘હારનો અહેસાસ’ થઈ ગયો હોવાથી તે હવે ઉત્તરપ્રદેશની રાયબરેલી બેઠક ઉપરથી ચૂંટણી લડી રહ્યા છે. બર્ધમાન-દુર્ગાપુર લોકસભા સીટ ઉપર એક રેલીને સંબોધતા મોદીએ કહ્યું હતું કે, જો કોંગ્રેસ સત્તામાં આવશે તો તે અનુસૂચિત જાતિ, દલિતો અને ઓબીસી માટેના અનામત ક્વોટા છીનવી લેશે અને પક્ષની તુષ્ટીકરણની રાજનીતિ માટે તેને તેની ‘જેહાદી વોટ બેંક’ને આપી દેશે. મોદીએ ઉત્તરપ્રદેશમાં તેના સાથી સમાજવાદી પાર્ટી (SP)ના ઉમેદવાર દ્વારા કરવામાં આવેલી ‘વોટ જેહાદ’ ટિપ્પણીને સમર્થન કરવા માટે વિપક્ષી જૂથ I.N.D.I.A.અને કોંગ્રેસની ટીકા કરી હતી. મોદીએ સોનિયા ગાંધી ઉપર સીધું નિશાન સાધતા કહ્યું કે, ‘‘મેં સંસદમાં કોંગ્રેસની હાર વિશે ઘણાં સમય પહેલાં વાત કરી હતી. તેથી ઓપિનિયન પોલ અથવા એક્ઝિટ પોલની કોઈ જરૂર નથી, જ્યારે તેમના વરિષ્ઠ નેતાએ તેમની લોકસભાની બેઠક ઉપરથી નહીં. પરંતુ રાજસ્થાનમાંથી રાજ્યસભા દ્વારા સંસદમાં પ્રવેશ કર્યો, ત્યારે તે સ્પષ્ટ થઈ હતું કે, તેમને હારનો અહેસાસ થઈ ગયો છે. હવે અમેઠી સીટ હાર્યા બાદ વાયનાડ (કેરળ)માં ગયેલા કોંગ્રેસના ‘શહેજાદા’ પણ રાયબરેલીથી ચૂંટણી લડી રહ્યા છે. તેઓ સારી રીતે જાણે છે કે, તેઓ આ વખતે વાયનાડ હારી જવાના છે.’’ વડાપ્રધાને પડકાર ફેંક્યો હતો કે, કોંગ્રેસ લેખિતમાં આપે કે, તે ધર્મના આધારે અનામત આપવા અંગે બંધારણમાં સુધારો નહીં કરે. મોદીએ કહ્યું, ‘‘કોંગ્રેસ અને ભારતીય જૂથે લેખિત નિવેદન આપવું પડશે કે, તેઓ SC, ST અને OBC માટે અનામત છીનવીને ધર્મના આધારે તેમની વોટ બેંકને આપશે નહીં.’’ તેમણે પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ સરકાર ઉપર પણ ભારે આકરા પ્રહારો કરીને આરોપ લગાવ્યો કે, પાર્ટીએ રાજ્યમાં હિંદુઓને ‘બીજા-વર્ગના નાગરિક’ બનાવ્યા છે.

# આશા છે કે, પેલેસ્ટીનને UNનું સંપૂર્ણ સભ્યપદ આપવામાં આવશે : ભારત

## ૧૮ એપ્રિલના રોજ યુનાઈટેડ સ્ટેટ્સે UNમાં પેલેસ્ટીનને સંપૂર્ણ સભ્યપદ આપવાના ડ્રાફ્ટ ઠરાવને વીટો કર્યો હતો



નવી દિલ્હી, તા.૬

સુરક્ષા પરિષદમાં અવરોધિત ઠરાવ પછી આગામી દિવસોમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભા આ મુદ્દા ઉપર મતદાન કરવાની તૈયારી કરી રહી છે, ત્યારે ભારતે બુધવારે (૧ મે) આશા વ્યક્ત કરી છે કે, પેલેસ્ટીનને સંયુક્ત રાષ્ટ્રનું સંપૂર્ણ સભ્યપદ આપવામાં આવશે અને તે સિક્યોરિટી કાઉન્સિલમાં આ પગલા સામેના વીટો ઉપર ‘નિયત સમયે પુર્નઃ વિચારણા’ કરવામાં આવશે. ૧૮ એપ્રિલના રોજ યુનાઈટેડ સ્ટેટ્સે યુએનમાં પેલેસ્ટીનને સંપૂર્ણ સભ્યપદ આપવાના ડ્રાફ્ટ ઠરાવને વીટો કર્યો. અમેરિકન વીટોએ ‘વીટો પહેલ’ ઠરાવને ઉત્તેજિત કર્યો જેણે UNGAને કાઉન્સિલના પાંચ સ્થાયી સભ્યોમાંથી એક દ્વારા નકારાત્મક મત આપ્યાના ૧૦ કાર્યકારી દિવસોમાં બોલાવવાનો આદેશ આપ્યો હતો.

પેલેસ્ટીન ‘કાયમી નિરીક્ષક રાજ્ય’ તરીકે યુએનની તમામ કાર્યવાહીમાં ભાગ લઈ શકે છે, પરંતુ કોઈ મત આપી શકશે નહીં. સામાન્ય સભા અને સુરક્ષા પરિષદ બંને તરફથી મંજૂરી મેળવ્યા પછી જ રાજ્ય સંપૂર્ણ સભ્યપદ મેળવી શકે છે. યુએસના વીટોના બે અઠવાડિયા પછી યુએનજીએ બુધવારે ન્યૂયોર્કમાં પેલેસ્ટીનને વૈશ્વિક સંસ્થામાં સંપૂર્ણ સભ્યપદ આપવાના પરિણામોની ચર્ચા કરવા માટે બેઠક મળી હતી.

યુએનમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રૂચિરા કંબોજે જણાવ્યું હતું કે, ‘જ્યારે અમે નોંધ્યું છે કે, સંયુક્ત રાષ્ટ્રમાં સભ્યપદ માટે પેલેસ્ટીનની અરજી ઉપરોક્ત વીટોને કારણે સુરક્ષા પરિષદ દ્વારા મંજૂર કરવામાં આવી ન હતી, ત્યારે હું અહીં શરૂઆતમાં જણાવવા માંગુ છું કે, ભારતની લાંબા સમયથી સ્થિતિને ધ્યાનમાં રાખીને, અમે આશા રાખીએ છીએ કે, આ યોગ્ય સમયે તેના ઉપર પુર્નઃ વિચાર કરવામાં આવશે અને પેલેસ્ટીનના સંયુક્ત રાષ્ટ્રસંઘના સભ્ય બનવાના પ્રયાસને સમર્થન મળશે. તેણીએ એમ પણ જણાવ્યું કે, ભારત આવતા અઠવાડિયે યુએનજીએના ૧૦મા કટોકટી વિશેષ સત્રની પૂર્ણ બેઠક બોલાવવામાં ‘સક્રિયપણે ભાગ લેશે’. સત્રમાં સામાન્ય સભામાં પેલેસ્ટીનની સંપૂર્ણ સભ્યપદ સાથે સંબંધિત ઠરાવ ઉપર મતદાન થવાની સંભાવના છે, જે આરબ જૂથ દ્વારા રજૂ કરવામાં આવી છે.

હમાસ દ્વારા ૭ ઓકટોબરના હુમલા પછી તરત જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈઝરાયેલ સાથે એકતા વ્યક્ત કરી હતી. જો કે, ગાઝામાં એક હોસ્પિટલ ઉપર ઈઝરાયેલના હવાઈ હુમલા પછી ભારતે તેની સ્થિતિને હળવી કરવી પડી અને પેલેસ્ટીની કારણ માટે તેના સમર્થનનો પુનરોચ્ચાર કરવો પડ્યો.

ભારતે ઓકટોબર ૨૦૨૩માં યુએન જનરલ એસેમ્બલી દ્વારા મંજૂર કરાયેલા પ્રથમ ઠરાવથી દૂર રહ્યું હતું જેમાં ઈઝરાયેલને ગાઝામાં માનવતાવાદી વિરામની મંજૂરી આપવા માટે કહેવામાં આવ્યું હતું. જો કે, તેણે યુએનજીએના બીજા ઠરાવની તરફેણમાં મત આપ્યો જેમાં ગાઝામાં સહાયના પ્રવાહમાં વધારો કરવા માટે લડાઈમાં યુદ્ધવિરામની હાકલ કરવામાં આવી હતી. ગયા મહિને ભારત જિનીવા સ્થિત યુએન હ્યુમન રાઈટ્સ કાઉન્સિલ દ્વારા અપનાવવામાં આવેલા ઠરાવથી દૂર રહ્યું હતું, જેમાં ગાઝામાં તાત્કાલિક યુદ્ધવિરામ અને ઈઝરાયેલ ઉપર શસ્ત્ર પ્રતિબંધની માંગ કરવામાં આવી હતી. ૧૨૦૦થી વધુ ઈઝરાયેલ અને વિદેશી નાગરિકો માર્યા ગયા હતા અને ૨૦૦થી વધુને હમાસ દ્વારા બંધક તરીકે લેવામાં આવ્યા હતા. જ્યારે યુએનના આંકડાઓ અનુસાર ગાઝા ઉપર ઈઝરાયેલના સૈન્ય આક્રમણમાં ૩૪,૦૦૦ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે, જેમાં મોટાભાગની મહિલાઓ અને બાળકો છે. કંબોજે જણાવ્યું હતું કે, ‘ઈઝરાયેલ અને હમાસ વચ્ચે ચાલી રહેલા સંઘર્ષને કારણે મોટાપાયે નાગરિકોના જીવો, ખાસ કરીને મહિલાઓ અને બાળકો અને માનવતાવાદી કટોકટીનું નુકસાન થયું છે જે તદ્દન અસ્વીકાર્ય છે.’

ઈઝરાયેલને સીધો દોષ ન આપતાં વરિષ્ઠ ભારતીય રાજદ્વારીએ કહ્યું, ‘અમે સંઘર્ષમાં નાગરિકોના મૃત્યુની સખત નિંદા કરી છે. અમે દૃઢપણે માનીએ છીએ કે આંતરરાષ્ટ્રીય કાયદા અને આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનો દરેકે દરેક સંજોગોમાં આદર કરવો જોઈએ.’ ભારતની સ્થિતિને પુર્નઃ સ્થાપિત કરતા કંબોજે એ પણ પુનરોચ્ચાર કર્યો કે, નવી દિલ્હી માને છે કે, ‘અંતિમ સ્થિતિના મુદ્દાઓ ઉપર બંને પક્ષો વચ્ચે સીધી અને અર્થપૂર્ણ વાટાઘાટો દ્વારા પ્રાપ્ત થયેલ બેરાજ્ય ઉકેલ જ કાયમી શાંતિ પ્રદાન કરશે.’ તેમણે એ પણ નોંધ્યું હતું કે, ભારતે ઓકટોબર ૭ના રોજ ઈઝરાયેલ ઉપરના આતંકવાદી હુમલાની સખત નિંદા કરી હતી અને ‘આતંકવાદ અને બંધક બનાવવાનું કોઈ ઔચિત્ય હોઈ શકે નહીં.’

### લોકસભાની ચુંટણીમાં બહુમતી મેળવી

# વડાપ્રધાન તરીકે નરેન્દ્રભાઈ મોદી શપથગ્રહણ કરે તે માટે કરશનભાઈ ડાભીના પ્રતિક ઉપવાસ



જૂનાગઢ તા. ૬

લોકસભાની ચુંટણી ૨૦૨૪માં બહુમતી મેળવી અને ફરીવાર નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બને તે માટે માતાજીના ભકત જૂનાગઢના કરશનભાઈ ડાભીએ પ્રતિક ઉપવાસ શરૂ કર્યા છે. ચામુંડા માતાજીના ઉપાસક કરશનભાઈ ડાભીએ ૨૦૦૨ ના વર્ષમાં પગપાળા ગાંધીનગર જઈ અને નરેન્દ્રભાઈ મોદીને હારતોરા કરી માનતા પુર્ણ કરી હતી. ૨૦૦૭માં પણ ગાંધીનગર પગપાળા જઈ અને નરેન્દ્રભાઈ મોદીને હારતોરા કર્યા હતા. તેમજ ૨૦૧૪ માં દિલ્હી સુધી પગપાળા જઈ નરેન્દ્રભાઈ મોદીને હાર પહેરાવી શુભેચ્છા પાઠવી હતી. ગુજરાતના મુખ્યમંત્રીથી લઈ વડાપ્રધાન પદ નરેન્દ્રભાઈ મોદી ધારણ કરે તેવી માનતા જૂનાગઢના કરશનભાઈ ડાભીએ રાખી હતી અને નરેન્દ્રભાઈ મોદી વડાપ્રધાન પદ ધારણ કરતા તેઓએ છેક દિલ્હી જઈ હારતોરા કર્યા હતા. દરમ્યાન આ વખતે એટલે કે લોકસભા ચુંટણી ૨૦૨૪ માં પણ નરેન્દ્રભાઈ મોદી જંગી બહુમતી સાથે વિજય મેળવી અને ફરીવાર વડાપ્રધાન તરીકે પદભાર સંભાળે તેવી લાગણી સાથે કરશનભાઈ ડાભીએ તા.૪-૫-૨૦૧૪ થી તા.૪-૬-૨૦૧૪ સુધી પ્રતિક ઉપવાસ તેમના નિવાસસ્થાને શરૂ કર્યા છે. આ સાથે જ નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બને તેમજ જૂનાગઢ લોકસભાની બેઠકના ઉમેદવાર રાજેશભાઈ ચુડાસમા પણ ભવ્ય વિજય મેળવે તે માટે પ્રતિક ઉપવાસ કરવામાં આવી રહયા હોવાનું કરશનભાઈ ડાભીએ જણાવ્યું હતું.

# જૂનાગઢ લોહાણા મહા પરિષદ દ્વારા લોહાણા જ્ઞાતિના બાળકો માટે યુવા શિબિરનું આયોજન

જૂનાગઢ તા. ૬

લોહાણા મહાપરિષદ મહિલા સમિતીના અધ્યક્ષ અને ટ્રસ્ટી રશ્મિબેન વિઠ્ઠલાણીના માર્ગદર્શન હેઠળ તેમજ જૂનાગઢ લોહાણા મહાપરિષદ ઝોન-ઉના પ્રમુખ પુજાબેન કારીયા દ્વારા લોહાણા જ્ઞાતિના બાળકો માટે યુવા શિબિરનું આયોજન તા.૧૩થી તા.૧૯ મે એ રેડક્રોસ હોલ જૂનાગઢ ખાતે રાખેલ છે.

આ શિબિરનું આયોજન કરવાનો મુખ્ય ઉદ્દેશ્ય એ છે કે વર્તમાન સમયમાં સોશિયલ મીડિયાના ભરડામાં બાળકોને વેકેશનની રજાઓમાં મોબાઈલથી દૂર રાખી તે સમયનો સદુપયોગ થાય અને બાળકોને ઘણું બધું નવું નવું જાણવા મળે જેમ કે સનાતન ધર્મ સંસ્કૃતિની રક્ષા માટે યજ્ઞનું પ્રશિક્ષણ, વેદ મંત્રોની જાણકારી, ગીતાજીના શ્લોકનું પઠન, એકાગ્રતા અને સ્મૃતિ વર્ધન માટે ધ્યાન, પ્રાણાયામ તેનાથી થતાં લાભ, શારીરિક ક્ષમતા વધે તે માટે સર્વાંગ સુંદર વ્યાયામ, યોગ, આસન, સૂર્ય ઉર્જા પ્રાપ્ત કરવા માટે સૂર્યનમસ્કાર, સ્વ બચાવ માટે લાઠીદાવ, કરાટે વગેરેનું પ્રશિક્ષણ આપવામાં આવશે.

શિબીરમાં દરરોજ હાજર રહેનાર બાળકોને વિશેષ પુરસ્કાર આપવામાં આવશે, તેમજ સીમિત સંખ્યા હોવાથી વહેલા તે પહેલાના ધોરણે નામ નોંધવામાં આવશે. આ શિબિરમાં ૭ થી ૧૫ વર્ષના દીકરા - દીકરીઓ જોડાય શકે છે. શિબિર માટેના પ્રશિક્ષકો તરીકે દીપક આર્ય, પ્રવિણાબેન વાઘેલા, જયશ્રીબેન ગાલોરીયા ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

શિબિરમાં ભાગ લેવા તેમજ નામ નોંધાવવા માટે પૂજાબેન કારિયા મો. ૯૪૨૯૨૧૬૮૫૧, અલ્પાબેન ઉનડકટ મો. ૯૮૭૯૫ ૪૦૭૭૧, પરીસીમાબેન મશરૂ મો. ૯૪૨૭૫ ૦૨૮૭૨, પુજાબેન વસંત મો. ૯૦૩૩૯ ૫૯૮૧૨ અને લીનાબેન ખખ્ખર મો.૯૨૬૫૨ ૩૩૭૨૫ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. શિબિર માટેની ટોકન ફી રૂા. ૫૦ રાખવામાં આવેલી છે તેમ શ્રી લોહાણા મહાપરિષદ ઝોન-ઉના સેક્રેટરી અલ્પાબેન ઉનડકટની યાદીમાં જણાવાયું છે

### હજ યાત્રાને લઈ નવા નિયમો લાગુ પડશે

# ગેરકાયદે યાત્રા કરનારને પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરતા અટકાવાશે

**નસ્ક હજ કાર્ડ' ડિજિટલ અને પ્રિન્ટ બંને ફોર્મેટમાં ઉપલબ્ધ**

રિયાધ, તા.૬

સાઉદી અરેબિયાના મક્કામાં મુસ્લિમો દ્વારા થતી પવિત્ર યાત્રા હજની તૈયારીઓ પુરજોશમાં શરૂ થવાની સાથે નવા નિયમો પણ જાહેર થયા છે. સાઉદી હજ અને ઉમરા મંત્રાલયે હજ યાત્રીઓ માટે 'નસ્ક હજ કાર્ડ જાહેર કર્યા છે. હજ દરમિયાન આ કાર્ડનો ઉપયોગ ફરજીયાત કરાયો છે. ગલ્ફ ન્યૂઝના અહેવાલો મુજબ ગેરકાયદે રીતે હજ યાત્રા પર આવનારા લોકો પર અંકુશ મેળવવા માટે આ સિસ્ટમ લાગુ કરાઈ છે. નસ્ક હજ કાર્ડથી હજ યાત્રીઓની યાત્રા સરળ બનવાની સાથે ગેરકાયદે બનતી ઘટનાઓને અટકાવવામાં પણ ઉપયોગી નિવડશે. આ ઉપરાંત સાઉદી અરેબિયા સરકાર મક્કામાં થતી ભીડને સરળતાથી મેનેજ કરી શકશે. હજ યાત્રા પર જનારા તમામ હાજીઓને આ કાર્ડ અપાશે, જેનાથી કોઈપણ વ્યક્તિની ઓળખની ચકાસણી કરવી સરળ બનશે. આ ઉપરાંત ગેરકાયદે હજ યાત્રા પર જનારાઓને પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરવાતી પણ અટકાવી શકાશે. સાઉદી અરેબિયાનું માનવું છે કે, આ સિસ્ટમથી તીર્થયાત્રીઓની સુરક્ષા વધશે.

હજ અને ઉમરા મંત્રાલયે કહ્યું કે, આ કાર્ડ ડિજિટલ અને પ્રિન્ટ બંને ફોર્મેટમાં ઉપલબ્ધ છે. ડિજિટલ કાર્ડ 'નુસ્ક અને તવાકલાન' એપ્લિકેશન પર જોઈ શકાશે અને તેની પ્રિન્ટ પણ કાઢી શકાશે. હજ દરમિયાન હજયાત્રીઓએ ડિજિટલ કાર્ડ પર છપાયેલ QR કોડ સ્કેન કરીને સૂચનાઓનું ફરજીયાત પાલન કરવું પડશે. મંત્રાલયે કહ્યું કે, હજ યાત્રીઓને આ કાર્ડથી ઘણી સુવિધાઓ મળશે. આ કાર્ડથી યાત્રીઓની તમામ માહિતીનો રેકોર્ડ મેળવો સરળ બનશે. મંત્રાલયે સાઉદી અરેબિયા અને વિદેશી તીર્થયાત્રિઓને પવિત્ર સ્થળ પર પહોંચ્યા પહેલા કાર્ડ મેળવવાની વિનંતી કરી છે.

### મૃત્યુની અફવા ફેલાવી બીજી યુવતી સાથે કર્યા લગ્ન

# સુરતમાં મૃત પિતા ૧૮ વર્ષ બાદ Facebook પર જીવતા મળ્યા

સુરત, તા.૬

સુરતમાં અજીબોગરીબ કિસ્સો સામે આવ્યો છે. મૃત પિતા ૧૮ વર્ષ બાદ ફેસબુક પર જીવિત મળ્યા છે. ડીંડોલીમાં રહેતાં ૨૩ વર્ષીય યુવકે ૧૮ વર્ષે મૃત મનાતાના પિતાને ફેસબુક ઉપરથી જીવિત શોધી કાઢ્યા હતા. વર્ષ ૨૦૦૫ માં પોતાનાં મૃત્યુની અફવા ફેલાવી પત્ની અને ચાર સંતાનોને નોંધારા છોડી પિતાએ ડાકોરમાં બીજી યુવતી સાથે સંસાર માંડી રહેતા હોવાનું બહાર આવતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. ફિલ્મી પટકથાને પણ ટક્કર મારે તેવી પોલીસ ચોપડે ચડેલી આ ઘટનામાં ૧૮ વર્ષે મૃત વ્યક્તિ જીવિત મળ્યો છે.

સુરતનાં સણિયા-કણદે ગાંજરીયા ટેકરો વિસ્તારમાં રહેતાં ૨૩ વર્ષીય મહાવીર નાના ભાઈ બહેન કંચનબેન, ગાયત્રીબેન અને ભૂમિકા, તથા માતા રમીલાબેન સાથે રહે છે. તે જ્યારે પાંચ વર્ષનો હતો અને તેનો પરિવાર ડીંડોલી શ્રધ્ધા સોસાયટીમાં રહેતો હતો, ત્યારે જ પિતા મહેન્દ્રસિંહ ઉર્ફે રોહિત હરૂભા ચુડાસમા કામધંધો શોધવા બહારગામ ગયા બાદ કદીયે પરત ફર્યા ન હતા. તેમના પરિજનો તથા મિત્ર વર્તુળે મૃત્યુ પામ્યાનું જણાવ્યું હતું. આઠેક મહિના પહેલાં તે ફેસબુક સર્ફિંગ કરતો હતો, ત્યારે અમસ્તા જ પિતા મહેન્દ્રસિંહ ચુડાસમા નાંખીને સર્ચ કરતાં તે આશ્ચર્યા અને આઘાતથી ચીસ પાડી ઉઠયો હતો. પિતાના નામથી ફેસબુક પ્રોફાઈલ બની હતી અને તેમાં એક ફોટો પણ હતો. માતા રમીલાબેનને બતાવતાં તે પણ ઉછળી પડી હતી. ફેસબુકમાં તેમનો પતિ જીવિત અને સાજોસમો હતો. ફેસબુક પર પિતાની પ્રોફાઈલમાં નંબર પણ આપવામાં આવ્યો હોવાથી માતા-પુત્રએ ફોન કરતાં સામી વ્યક્તિએ પહેલાં પોતે જુઠ્ઠાણું ચલાવ્યું હતું. પરંતુ બાદમાં પોતે મહેન્દ્રસિંહ હોવાનું સ્વીકારી લીધું. ૧૮ વર્ષથી પોતાને નિરાધાર માનતો આ પરિવાર મહેન્દ્રસિંહને જોતાં દ્રવી ઉઠયો હતો.

### આખરે ૧૬ ભારતીયોની ઘર વાપસી

# ઈરાને જપ્ત કરેલ ઈઝરાયલી જહાજ MSC Ariesના ક્રૂ મેમ્બર્સને મુક્ત કર્યા

તેહરાન, તા.૬


ઈરાનથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. ઈરાને કહ્યું કે તેણે પોર્ટુગીઝ-ધ્વજવાળા કાર્ગો જહાજ MSC Ariesના ક્રૂ મેમ્બર્સને મુક્ત કરી દીધા છે. આ જહાજના ૨૫ સભ્યોમાંથી ૧૭ ભારતીયો હતા. ઈરાનના એક નિવેદન પ્રમાણે તેના વિદેશ મંત્રી અમીર અબ્દુલૈયાને શુક્રવારે પોતાના એસ્ટોનિયન સમકક્ષ માર્ગુસ સાહકના સાથે ફોન પર વાતચીત દરમિયાન જહાજના ક્રૂ મેમ્બર્સને મુક્ત કરી દેવાનો ઉલ્લેખ કર્યો હતો. ઈઝરાયલ સાથે સબંધિત કાર્ગો જહાજના ૧૭ ભારતીય ક્રૂ મેમ્બર્સમાંથી એકમાત્ર મહિલા કેડેટ એન ટેસા જોસેફને ૧૩ એપ્રિલના રોજ ઈરાની સેના દ્વારા ટેન્કર કબજે કર્યાના થોડા દિવસો બાદ ૧૩ એપ્રિલે મુક્ત કરી દેવામાં આવી હતી. ટેસા જોસેફની મુક્તિ બાદ ભારતીય વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે તે બાકીના ભારતીય નાગરિકોની મુક્તિ માટે ઈરાન સાથે વાતચીત કરી રહ્યું છે.

ઈરાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે, ઈસ્લામિક રિપબ્લિક ઓફ ઈરાનના જળસીમામાં જપ્ત કરાયેલા પોર્ટુગીઝ જહાજ અને તેના એસ્ટોનિયન ક્રૂને મુક્ત કરવા અંગે એસ્ટોનિયન પક્ષની વિનંતીના જવાબમાં અમીર અબ્દુલૈયાને કહ્યું કે, જહાજ જે ઈરાનના ક્ષેત્રીય જળમાં તેના રડારમાંથી ગાયબ થઈ ગયુ હતુ અને તેને ન્યાયિક નિયમો હેઠળ પોતાના કબજામાં લેવામાં આવ્યુ છે. MSC Aries જહાજ પર સવાર ભારતીય નાગરિકોની મુક્તિ માટે વિદેશ મંત્રાલય ઈરાન સાથે સતત સંપર્કમાં હતું. વિદેશ મંત્રી એસ જયશંકરે ઈરાનના વિદેશ મંત્રી અમીર અબ્દુલૈયાન સાથે વાત કરી હતી અને ભારતીયોની મુક્તિનો મુદ્દો ઉઠાવ્યો હતો. ત્યારબાદ ઈરાને ખાતરી આપી હતી કે તે ટૂંક સમયમાં તમામ ભારતીય નાગરિકોને મુક્ત કરી દેશે.

# ડો.સુભાષ યુનિવર્સીટી દ્વારા ઓપન મેગા જોબ ફેરનું ભવ્યાતીભવ્ય આયોજન કરાયું

**૭૫ થી વધારે કંપનીઓએ ૨૦૦૦થી વધારે વિદ્યાર્થીઓને નોકરીની વિપુલ તકો પુરી પાડી**





જૂનાગઢ તા. ૬

ડો.સુભાષ યુનિવર્સીટી ખાતે તા.૩ અને ૪ મે, ૨૦૨૪ના રોજ ભવ્યાતિભવ્ય મેગા જોબ ફેરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિવર્સીટીના ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ વિભાગ દ્વારા આયોજીત આ મેગા જોબ ફેરમાં જૂનાગઢ તેમજ આસપાસના વિસ્તારોના ૨૦૦૦ થી વધારે વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ હતું. વિવિધ વિદ્યાશાખાના આ વિદ્યાર્થીઓને નોકરી માટેની તકો પુરી પાડવા માટે બે દિવસ દરમ્યાન ૭૫ થી વધુ ખ્યાતનામ કંપનીઓ જેમ કે સન ફાર્મા, ટોરેન્ટ પાવર, ટોરેન્ટ ગેસ, બજાજ એલયાન્સ ઈન્સ્યોરન્સ, સેરા સિરામીક, પરીન ફર્નિચર, આયુષ હોસ્પિટલ, એકસીસ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંક, વારી એનર્જી, કેલ્વિન પ્લાસ્ટીક, સિનોવા ગિયર્સ, એકસપર્ટ લેબ, ગિરનાર ઈન્ડસ્ટ્રીઝ, કે.જે. હોસ્પિટલ, આરએસપીએલ, શક્તિમાન, એકટીલીસ વગેરે ઉપસ્થિત રહી હતી. આ જોબ ફેરમાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓ દ્વારા વિનામૂલ્યે ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓને માહિતી મળી રહે તે માટે પ્રિ-પ્લેસમેન્ટ એકટીવીટીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્રભરમાંથી ઉપસ્થિત વિદ્યાર્થીઓમાંથી મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ કંપનીઓ દ્વારા નોકરી આપવામાં આવી હતી અને ઘણા વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુના આગામી રાઉન્ડ માટે શોર્ટ લીસ્ટ કરવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને આર્થિક રીતે પગભર બનાવવાના હેતુથી આયોજીત આ જોર ફેરને ભવ્ય સફળતા મળી હતી. સમગ્ર જોબ ફેરની ઈવેન્ટને ઉત્કૃષ્ટ રીતે સફળ બનાવવા માટે સંસ્થાના ડો.સંદીપ પંચાલ, ટ્રેનીંગ અને પ્લેસમેન્ટ ઓફીસર પ્રો.મિતેશ પટેલ સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી.

મેગા જોબ ફેરની ઉત્કૃષ્ટ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ જવાહરભાઈ ચાવડા, યુનિવર્સીટીના પ્રમુખ રાજભાઈ ચાવડા, તેમજ યુનિવર્સીટીના પ્રોવોસ્ટ ડો.દીપક પટેલે તમામને બિરદાવ્યા હતા. સાથો સાથ જે વિદ્યાર્થીઓ આ જોબ ફેર થકી નોકરી મેળવવામાં સફળ રહયા તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી અને તમામ ઉમેદવારોને ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી.

### ભારતને 'ઝેનોફોબિક' કહેનાર બાઈડેનને જવાબ

# ભારતમાં વિવિધ સમાજના લોકો આવે છે : જયશંકર

**પ. મીડિયાનો એક ભાગ ભારતને કરે છે ટાર્ગેટ : જયશંકર**

નવી દિલ્હી, તા.૬

ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકરે અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડનના તે નિવેદન પર પ્રતિક્રિયા આપી છે, જેમાં તેમણે ભારત અને જાપાનને 'ઝેનોફોબિક' દેશ કહ્યા હતા. વિદેશ મંત્રી એસ. જયશંકરે એક ઈન્ટરવ્યૂ દરમિયાન કહ્યું કે, 'ભારતનો સમાજ હંમેશા અન્ય સમાજોના લોકો માટે ખુલ્લો રહ્યો છે. કેન્દ્ર સરકારનું CAA મુશ્કેલીમાં ફસાયેલા લોકો માટે દરવાજા ખોલે છે તેને ભારતની નાગરિકતા આપવાનું કામ કરે છે. આપણે તે લોકોના સ્વાગત માટે તૈયાર રહેવું જોઈએ, જેમને આવવાની જરૂર છે અને જેનો હક બને છે.' વિદેશ મંત્રી એસ. જયશંકરે CAAનો વિરોધ કરનારા પર નારાજગી વ્યકત કરી. તેમણે કહ્યું કે, એવા લોકો છે જેમણે સાર્વજનિક રીતે કહ્યું કે, 'CAAના હોવાથી ૧૦ લાખ મુસ્લિમો ભારતમાં પોતાની નાગરિકતા ગુમાવી દેશે. આ દાવાઓ છતા કોઈની ભારતમાં નાગરિકતા નથી ગઈ.'

એસ. જયશંકરે કહ્યું કે, 'પશ્ચિમી મીડિયાનો એક ભાગ ગ્લોબલ નેરેટિવને પોતાના હિસાબથી ચલાવવા માગે છે અને આ તબક્કામાં તેઓ ભારતને નિશાન બનાવે છે. આ તે લોકો છે જેમને ભરોસો છે કે તેમણે આ નેરેટિવને કંટ્રોલ કરવો જોઈએ.'

એક કાર્યક્રમમાં અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડેને કહ્યું હતું કે, 'ભારત જેવા દેશો ઝેનોફોબિક છે અને આર્થિક શક્તિના રૂપમાં પાછળ રહી જવાનું કારણ આ જ છે. ભારત, ચીન, જાપાન અને રશિયા જેવા દેશો ઝેનોફોબિક દેશો છે. તેમની અર્થવ્યવસ્થા તે કારણે પ્રભાવિત થાય છે. ઝેનોફોબિક એટલે એક પ્રકારનો ડર, તે ડર બહારથી આવતા લોકોને રોકે છે. ભારત, ચીન, રશિયા અને જાપાન જેવા દેશો બહારના લોકોને આવકારતા નથી. તે કારણે જ તેમનું અર્થતંત્ર વધુ વિકાસ નથી પામતું. બાઈડેને કહ્યું હતું કે, 'આપણા અર્થતંત્રનો ઝડપી વિકાસ થાય છે, કારણ કે આપણે અને અન્ય લોકો પણ મહેનત કરે છે. એવું એટલા માટે છે કે આપણે પ્રવાસીઓને આવકારીએ છીએ.' ચીનનું ઉદાહરણ આપીને બાઈડેને સમજાવ્યું હતું કે, 'ચીનનું અર્થશાસ્ત્ર શા માટે સ્થગિત થઈ ગયું છે? જાપાન શા માટે મુશ્કેલીમાં છે? ભારત અને રશિયાની સ્થિતિ શું છે? આવું એટલા માટે છે કે તેઓ ઝેનોફોબિક છે. તે લોકો પ્રવાસી સમુદાય નથી ઈચ્છતા. પરંતુ અમેરિકાને તો પ્રવાસીઓ જ મજબૂત કરે છે.' અમેરિકન રાષ્ટ્રપતિ જો બાઈડન દ્વારા ભારત પર મોટો આરોપ લગાવ્યા બાદ હવે અમેરિકા ડેમેજ કંટ્રોલ મોડમાં છે. બુધવારના એક કાર્યક્રમમાં બાઈડને કરેલી ટિપ્પણી અંગે 'વ્હાઈટ હાઉસ'ના પ્રેસ સચિવ કેરિન જયાં-પિયરેએ કહ્યું કે, રાષ્ટ્રપતિ એક 'વ્યાપક બિંદુ' પર વાત કરી રહ્યા હતા. અમારા સહયોગી અને સાથી ખુબ સારી રીતે જાણે છે કે રાષ્ટ્રપતિ તેમનું કેટલું સન્માન કરે છે. જાપાનના સંદર્ભવમાં જેમ કે તમે જાણો છો કે તેઓ હાલમાં જ અહીં રાજકીય પ્રવાસે આવ્યા હતા. અમેરિકા અને જાપાનના સંબંધો મહત્વપૂર્ણ છે. આ ગાઢ અને કાયમી ગઠબંધન છે. તેમણે કહ્યું કે, તેમણે (બાઈડને) એક વ્યાપક બિંદુ પર ટિપ્પણી કરી હતી કે દેશમાં અપ્રવાસીઓનું હોવું કેટલું જરૂરી છે અને કેવી રીતે તેના કારણે આપણો દેશ મજબૂત બને છે. આ અંગે વાત કરી રહ્યા હતા. ભારત અને જાપાનની સાથે નિઃસંકોચ અમારા સંબંધ મજબૂત છે અને જો તમે છેલ્લા ત્રણ વર્ષ પર નજર નાખો તો રાષ્ટ્રપતિ આ રાજકીય સંબંધો પર નિશ્ચિત રીતે ધ્યાન કેન્દ્રીત કરાયું છે.

### ED એ એલ્વિશ વિરૂદ્ધ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો

# બિગ બોસ ફેમ એલ્વિશ યાદવની મુશ્કેલીઓ વધી

મુંબઈ, તા.૬

બિગ બોસ ફેમ અને ફેમસ યુટ્યુબર એલ્વિશ યાદવની મુશ્કેલીઓ વધી ગઈ છે. ED એ એલ્વિશ વિરુદ્ધ મની લોન્ડરિંગનો કેસ નોંધ્યો છે. ઈડ્ઢ એલ્વિશની માલિકીની મોંઘી કારોના કાફલાની પણ તપાસ કરશે. પ્રાપ્ત માહિતી અનુસાર, એલ્વિશ સામે મોટી કાર્યવાહી થઈ શકે છે.આ સિવાય એવા પણ સમાચાર છે કે એલ્વિશ યાદવની સાથે ED મોટી હોટલ, રિસોર્ટ અને ફાર્મ હાઉસના માલિકોની પણ પૂછપરછ કરશે. તમને જણાવી દઈએ કે એલ્વિશ યાદવની નોઈડા પોલીસે ધરપકડ કરી હતી. હાલ તે જામીન પર બહાર છે. ED એ એલ્વિશ પર કડક કાર્યવાહી કરવાની તૈયારી કરી લીધી છે. એલ્વિશ યાદવની ૧૭ માર્ચે વન્યજીવ સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળના કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. એલ્વિશ યાદવ સાપના ઝેરની દાણચોરીના કેસમાં ગૌતમ બુદ્ધ નગરની બક્સર જેલમાં બંધ હતો. ૧૭ માર્ચે, એલ્વિશને અન્ય પાંચ લોકો સાથે પોલીસે ધરપકડ કરી હતી. આ કેસમાં, પોલીસે બેક્વેટ હોલમાં દરોડો પાડીને ૪ સાપ ચાર્મર્સ અને ૯ સાપ સહિત ૫ લોકોની ધરપકડ કરી હતી અને તેમના ઝેર મળી આવ્યા હતા. એલ્વિશ યાદવ પર રેવ પાર્ટીઓ માટે સાપના ઝેરની વ્યવસ્થા કરવાનો અને તેના વીડિયો શૂટ માટે સાપનો ઉપયોગ કરવાનો આરોપ છે.વર્ષ ૨૦૨૩ ના અંતમાં, પીપલ્સ ફોર એનિમલ્સ સંસ્થાના એક અધિકારીએ સેક્ટર-૪૯ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કર્યો હતો, જેમાં એલ્વિશ યાદવ અને તેના સહયોગીઓ પર સાપના ઝેરનો ઉપયોગ અને ખરીદી અને વેચાણ કરવાનો આરોપ લગાવ્યો હતો. આ પછી, પોલીસે પાર્ટી સ્થળ પર દરોડો પાડ્યો, જ્યાં એક કોબ્રા સહિત નવ સાપ અને પાંચ સાપ ચાર્મર્સ પાસેથી ૨૦ મિલી ઝેર મળી આવ્યું. આ પછી પોલીસે કાર્યવાહી કરી અને તમામને જેલમાં મોકલી દીધા.

આ પછી સંગઠનના અધિકારીનો એક ઓડિયો વાયરલ થયો હતો, જેમાં મુખ્ય આરોપી રાહુલ સંગઠનના અધિકારી સાથે વાત કરતો સંભળાય છે.

આમાં રાહુલ કહી રહ્યો છે કે તેણે એલ્વિશ દ્વારા આયોજિત પાર્ટીઓમાં હાજરી આપી છે. રાહુલ તેના અન્ય સ્નેક ચાર્મર મિત્રો સાથે પાર્ટીઓમાં ગયો હતો.બાદમાં તમામને જામીન મળી ગયા હતા. પોલીસ ટીમે એલ્વિશ યાદવની કોલ ડિટેલ્સ અને સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ સર્ચ કર્યા, જ્યારે નોઈડા પોલીસને તેની વિરુદ્ધ પૂરતા પુરાવા મળ્યા, પોલીસે તેને નોટિસ આપી અને પૂછપરછ માટે તેને ફરીથી બોલાવ્યો. પૂછપરછ બાદ તેને નોઈડાથી ધરપકડ કરીને જેલમાં મોકલી દેવામાં આવ્યો હતો. પાંચ દિવસ જેલમાં રહ્યા બાદ એલ્વિશને જામીન પર છોડવામાં આવ્યો હતો.

# રાજેશ ચુડાસમાની હંમેશા ખાસિયત રહી છે કે, તેઓ કયારેય પોતાના હરીફ ઉમેદવારનું નામ લેતા નથી



જૂનાગઢ તા. ૬

માત્ર ૩૧ વર્ષની વયે પ્રથમ વખત જૂનાગઢનાં સાંસદ બનેલા રાજેશભાઈ ચુડાસમા આ વખતે સતત ત્રીજી ટર્મ માટે પોતાનું ભાવિ અજમાવી રહયા છે. આવતીકાલે યોજાનારા મતદાન બાદ રાજેશ ચુડાસમાનું ભાવિ ઈવીએમમાં કેદ થઈ જશે ત્યારે તેમણે વિશ્વાસ વ્યકત કર્યો છે કે, તેઓ જીતની હેટ્રીક મારશે. માત્ર ૩૧ વર્ષની વયે ભારતીય જનતા પાર્ટીએ તેમના પર વિશ્વાસ મુકયો હતો અને તે વિશ્વાસને તેમણે સાર્થક કરી બતાવ્યો છે તેથી જ ભાજપ હાઈકમાન્ડે તેમને ત્રીજી ટર્મ માટે ટીકીટ આપતા તેઓ સંસદમાં પ્રવેશ માટે નિશ્ચિંત હોવાનું જણાવી રહયા છે.

રાજેશભાઈનું સુત્ર છે જે કહયું તે કરીને બતાવ્યું, પોતાના બીજી ટર્મનાં કાર્યકાળ દરમ્યાન રાજેશભાઈ ચુડાસમાએ તેમના મત વિસ્તારમાં સમાવિષ્ટ ૧૧ તાલુકામાં ફેલાયેલા ૭ વિધાનસભા મત વિસ્તારમાં ૭ લાખ કી.મી.નો પ્રવાસ કરીને ૬૫૦થી વધુ ગામડાઓનો સંપર્ક કરીને જૂનાગઢ લોકસભા બેઠકનાં ૧૮ લાખ મતદારો સાથે સંપર્કમાં રહયા છે. રાજેશભાઈનાં જણાવ્યા મુજબ રોજનાં ૧૪૦થી ૧૬૦ ફોન તેઓ રીસીવ કરે છે આ સંજોગોમાં કોઈ પ્રજાજનનું કામમાં સંજોગોવસાત કે પ્રસંગોપાત ચુકી જવાયું હોય તો તેમણે ક્ષમા યાચના કરી છે. રાજેશભાઈએ કહયું કે, તેઓ મતદારોના વિશ્વાસને સતત જાળવી રાખશે. ભાજપ મોવડીમંડળ અને જૂનાગઢનાં મતદારોએ તેમના પર જે વિશ્વાસ મુકયો છે તેઓ તેને સાર્થક કરી બતાવશે. આવતીકાલે જયારે મતદાન થઈ રહયું છે ત્યારે લોકો પુર્નઃ તેમને વિજયી બનાવશે તેવો વિશ્વાસ તેમણે વ્યકત કર્યો છે. લોકોની અપેક્ષાઓ અને જવાબદારી ગીરનાર પર્વત જેવડી ઉંચી અને ભારે છે પરંતુ લોકોનાં આશીર્વાદથી તેઓ સંસદ સભ્ય તરીકે આ જવાબદારીઓ વહન કરવા અને વિકાસનાં સ્વપ્નને સાકાર કરવા અવિરત પ્રયત્ન કરશે તેવી ખાત્રી આપતા ફરીવાર તેમણે એ વાત પર ભાર મુકયો કે, ''જે કહયું તે કરીને બતાવ્યું તેનું મને ગૌરવ છે''

રાજેશ ચુડાસમાની હંમેશા ખાસિયત રહી છે કે, તેઓ કયારેય પોતાના હરીફ ઉમેદવારનું નામ લેતા નથી. બીજાની લીટી ભુંસવા કરતા પોતાની લીટી મોટી કરવાનો રાજેશ ચુડાસમાનો હંમેશા અભિગમ રહયો છે. ખાસ કરીને વિકાસ કાર્યોને જ કેન્દ્ર સ્થાને રાખીને હંમેશા હકારાત્મકતા જ રાખીને લોકોને પોતાની વાત સમજાવવાની અને મત માંગવાની તેમની આગવી સ્ટાઈલ છે તે ખૂબજ લોકપ્રીય સાબીત થઈ છે.

તેમના ભાવિ કાર્યોની નોંધ લઈએ તો ગીરનાર પર્વત પર ગીરનાર તળેટીથી દત્તની ટુંક સુધી ઐતિહાસીક નિર્માણ કરવામાં આવશે. હેરીટેઝ ફેસ્ટીવલ અને રીવરફ્રન્ટની જૂનાગઢને ભેટ આપવામાં આવશે. નાઈટ સફારી દ્વારા વાઈલ્ડ લાઈફની જાળવણીનો અવસર, આધ્યાત્મીક ગીર અને ગીરનારને આકર્ષીત બનાવાશે, શોપીંગ ટ્રેઈલ દ્વારા ગીરની સ્થાનીક હસ્તકલાને આંતરરાષ્ટ્રીય વેચાણ માટે મંચ પુરૂ પાડવામાં આવશે, યુવાનોને લાભ - સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે પરીક્ષા કેન્દ્ર માટે વાંચનાલયોની ઉત્તમ સુવિધા પ્રાપ્ત થશે, ઈલેકટ્રીક વાહનોનાં ઉત્તેજન થકી પર્વારણને ધ્યાને રાખીને ઈ-વ્હીકલની વિશેષ પોલિસી, પ્રોસેસીંગ ફૂડ એગ્રો પાર્ક અંતર્ગત આંતરરાષ્ટ્રીય યુનિટો સ્થપાશે, મત્સ્ય પાલકો માટે પ્રોત્સાહક યોજનાઓ અને નવી પોલીસીનો પ્રારંભ કરાશે જેનાથી દરીયાઈ ખેડૂતો આત્મનિર્ભર બનશે, જૂનાગઢ જીલ્લામાં આવેલી પરંતુ કાયદાકીય પ્રક્રિયા અને દેવાના બોજ હેઠળ દબાયેલી સુગર ફેકટરીઓને પુર્નઃ શરૂ કરવામાં આવશે જેથી ખેડૂતો સધ્ધર બનશે., ૭૦ વર્ષથી વધુ વયનાં તમામ વયસ્ક નાગરીકોને રૂા. ૧૦ લાખ સુધીની નિઃશુલ્ક સારવાર આપવામાં આવશે તેમજ પશુપાલકો માટે ડેરી ફાર્મનું નિર્માણ કરવામાં આવશે, ગીર ગાયનાં ગૌધન માટે ખાસ ધ્યાન આપવામાં આવશે વગેરે વિજય વચન રાજેશભાઈ ચુડાસમાએ આપ્યા છે.

# ‘વાંચન વલોણું’ પરિવાર અને ‘શ્રી પ્રેમાનંદ સ્કૂલ’ના સંયુક્ત ઉપક્રમે પૂજ્ય શ્રી મુક્તાનંદજી બાપુની પુસ્તકોથી તુલા કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

તારીખ ૧૭, મે ૨૦૨૪નો દિવસ એટલે પરમ શ્રદ્ધેય પૂજ્ય શ્રી મુક્તાનંદજી બાપુનો પ્રાગટ્ય દિન. આ જન્મોત્સવના વધામણા કરવા આ વર્ષે જૂનાગઢના આંગણે એક અનોખું આયોજન થઈ રહ્યું છે. ‘વાંચન વલોણું’ પરિવાર અને ‘શ્રી પ્રેમાનંદ સ્કૂલ’ના સંયુક્ત ઉપક્રમે પૂજ્ય શ્રી મુક્તાનંદજી બાપુની પુસ્તકોથી તુલા કરવામાં આવશે. તુલા થયેલા આ પુસ્તકો વાંચન વલોણું સંસ્થા દ્વારા જૂનાગઢના વાંચનપ્રેમી સુજ્ઞજનો માટે ઓપન લાઈબ્રેરી સ્વરૂપે રાખવામાં આવશે. ઉપરાંત જૂનાગઢ જિલ્લાની વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને વાંચન માટે આ પુસ્તકો તરતા મૂકવામાં આવશે. આ પુસ્તક તુલા અવસરે સૌ કોઈ ભાવવંદના કરી શકે છે. આવા શુભ આશયથી કોઈપણ વ્યક્તિ કે સંસ્થા બુક ડોનેશન કરી શકે છે. પુસ્તક મોકલતી વખતે આ બાબતો ધ્યાને લેવી કે, આબાલવૃદ્ધ સૌ કોઈને વાંચવા ગમે તેવા પુસ્તકો, આંતરિક અને બાહ્ય કલેવર ઉત્તમ કોટિના હોય તેવા પુસ્તકો, વર્તમાન સમયમાં ઉપયોગી અને ઉત્તમ સ્થિતિમાં હોય તેવા જ પુસ્તકો અપેક્ષિત છે.(જૂના પુસ્તકો અપેક્ષિત નથી), જ્ઞાન-વિજ્ઞાન, પ્રેરણાત્મક, શિક્ષણ, સાહિત્ય, ઈતિહાસ, અધ્યાત્મ, સંસ્કૃતિ, શબ્દકોશ, સંદર્ભગ્રંથ તેમજ સ્પર્ધાત્મક પરીક્ષાને લગતા પુસ્તકો, એક વ્યક્તિ કે સંસ્થા એકથી અનેક પુસ્તકો ભેટ આપી શકે છે, પુસ્તકો તારીખ ૧૫-૦૫-૨૦૨૪, બુધવાર સુધીમાં મોકલવાના રહેશે. આ સાત્વિક અને સાહિત્યિક અવસરને ઉજાગર કરવા વાંચન રસિકો તરફથી મહત્તમ પુસ્તકો ભેટ સ્વરૂપે પ્રાપ્ત થશે જ એવી અપેક્ષા છે. આ અતુલ્ય પુસ્તકતલાના કાર્યક્રમ અંગેની વિગતો હવે પછીથી જાણ કરવામાં આવશે. પુસ્તકો પહોંચાડવાનું સ્થળ ૧. શ્રી પ્રેમાનંદ સ્કૂલ, બિલનાથ મંદિર પાસે, વંથલી રોડ, જૂનાગઢ અને ૨. સાયન્સ મ્યુઝિયમ, ફાયર સ્ટેશન સામે, ગિરનાર રોડ, જૂનાગઢ ખાતે સવારે ૮ થી ૧ તથા બપોરે ૩ થી ૬ રહેશે. વધુ માહિતી માટે એલ. વી. જોશી મો.૯૪૨૬૨ ૨૫૮૮૨, ભરતભાઈ મેસિયા મો.૯૪૨૭૪૨૩૫૨૫, ડૉ. માતંગભાઈ પુરોહિત મો.૯૯૦૯૧ ૭૦૯૦૭ ઉપર સંપર્ક કરવા એક યાદીમાં જણાવેલ છે.

## લોહાણા મહાજન જૂનાગઢ દ્વારા સમુહ લગ્ન અને યજ્ઞોપવિતનો કાર્યક્રમ યોજાશે

જૂનાગઢ તા. ૬

શ્રી લોહાણા મહાજન જૂનાગઢ દ્વારા ૪૧મો સમુહ લગ્ન અને યજ્ઞોપવિત કાર્યક્રમ અખાત્રીજ તા. ૧૦-૫-૨૪નાં રોજ શ્રી લોહાણા મહાજન વાડી, ગીરનાર રોડ, જૂનાગઢ ખાતે યોજાનાર છે. જેમાં કમોલબેન અને ઋષીકુમાર નવયુગલ તરીકે રહેશે. તથા ૭ બટુકો યજ્ઞોપવિત ધારણ કરશે. તથા સાંજીના ગીત તા. ૯-૫-૨૪, મંડપારોપણ, સામૈયુ અને હસ્ત મેળાપ તા. ૧૦-૫-૨૪નાં રોજ તેમજ ગ્રહશાંતિ, પૂજન, યજ્ઞ, કાશીયાત્રા, દાતાઓનું અભિવાદન યોજાશે.

# આવતીકાલે લોકસભાની ચુંટણીમાં મતદાન કરવા જેસીઆઈ જૂનાગઢના ડાયરેકટરની અપીલ



જૂનાગઢ તા.૬

પહેલા મતદાન પછી સર્વે કામ જેસીઆઈ જુનાગઢ ડાયરેકટર કિશોરભાઈ ચોટલીયા દ્વારા ખાસ અપીલ આગામી તારીખ ૭ ૪ ૨૦૨૪ ને મંગળવારના રોજ લોકસભાની ચૂંટણી યોજાઈ રહી છે ત્યારે જેસીઆઇ જૂનાગઢના ડાયરેક્ટર જેસી શ્રી કિશોરભાઈ ચોટલીયા દ્વારા જેસીઆઈ પરિવારના દરેક મેમ્બરોને તેમજ જૂનાગઢવાસીઓને ખાસ મતદાન કરવા માટે અપીલ કરવામાં આવે છે ચૂંટણી એ કોઈ રાજકીય કાર્યક્રમ નથી પરંતુ આપણી લોકશાહીને ટકાવી રાખવા માટેનું આ એક માધ્યમ છે લોકસભા જુનાગઢ બેઠકમાં આપણે જે વિસ્તારમાં જે બૂથમાં મતદાન કરવાનો હોય એ બુથે જરૂરી ડોક્યુમેન્ટ સાથે લઈને આપણા પરિવારના જેટલા મતદાર હોય તેને તેમજ આપણા પાડોશીઓ ને સાથે લઈને એક પર્વની ઉજવણી કરવા જઈ રહ્યા હોય તે રીતે મતદાન કરવા જવું જોઈએ હાલ સખત ગરમી હોય તેનાથી બચવા માટે સવારમાં પહેલા મતદાન પછી જ ચા પાણી નાસ્તાનું આયોજન કરવું એવી મારી આપ સૌને આપણા આ લોકશાહીના પર્વની ઉજવણી સ્વરૂપે આપનો કિંમતી સમય ફાળવી અને મતદાન કરવા ખાસ અપીલ છે આપના એક મતનું યોગદાન ખૂબ જ મહત્વ છે અને આપને પણ ગૌરવ થશે કે મારા મતદાન થકી વિશ્વમાં ભારત નો આપણો મહાનાયક ભારતને વિશ્વ ગુરુ બનાવવા જઈ રહ્યો છે જેમાં મારું પણ યોગદાન છે તેમ જેસી કિશોર ચોટલીયા જેસીઆઈ જુનાગઢ ડાયરેક્ટરની યાદીમાં જણાવાયું છે.

# વિસાવદરના મતદારો દ્વારા મતદાનનો બહિષ્કાર કરવાની ચીમકી

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૬

વિસાવદર શહેરના જૂની ફોલ્ટ ઓફિસની સામેની શેરીમાં નગરપાલિકા વિસાવદર દ્વારા ખાડા ખોદી ખાડા ન બુરાતા લતાવાસીઓ આગબબુલા થયેલ છે તેઓના જણાવ્યા અનુસાર વિસાવદર નગરપાલિકાના વહીવટદાર મામલતદાર હોય તેઓને અવારનવાર રજુઆત કરવા છતાં કોઈ પગલાં ભરાયેલ નથી આ અંગે નગરપાલિકા માં પણ અવારનવાર રજુઆત કરવામાં આવેલ હોવાછતાં કોઈ પગલાં ભરાયેલ ન હોય આ ગલીમાં કોઈ વાહન ચાલી શકે તેમ ન હોય કોઈ વૃદ્ધ કે બીમાર માણસને દવાખાને લઈ જવામાં લાવવામા તકલીફ પડતી હોય તે છતાં કોઈ પગલાં નહિ લેવાતા સ્થાનિક લોકો દ્વારા લોકસભાની ચૂંટણીના બહિષ્કાર ની ચીમકી ઉચારેલ છે અને સેરીમાંથી જ્યાં



સુધી નગરપાલિકા તથા મામલતદાર કાર્યવાહી નહિ કરે ત્યાં સુધી કોઈ મતદાન નહિ કરે તેવી ચીમકી ઉચ્ચારેલ છે.અને શહેરમાં અન્ય લોકો પણ મતદાનનો બહિષ્કાર કરે તેવી સ્થિતિ ઉભી થતા લોકરોષ ફાટી નીકળ્યો છે.

# કેશોદ નગરપાલિકા દ્વારા મતદારોને જાગૃત કરવા રન ફોર વોટ કાર્યક્રમ યોજાયો



(કમલેશ જોષી દ્વારા)

કેશોદ તા.૬

કેશોદ લોકસભાની સામાન્ય ચુંટણીનું તારીખ ૭/૫/૨૦૨૪ ના રોજ મતદાન યોજાવાનું છે ત્યારે કેશોદ નગરપાલિકા વિસ્તારમાં મતદારોને જાગૃત કરવા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ સામાજિક સંસ્થાઓ ને સાથે રાખીને કેશોદ નગરપાલિકા દ્વારા રન ફોર વોટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કેશોદ શહેરમાં મતદાન અધિકાર ધરાવતા દરેક મતદાતા અવશ્ય મતદાન કરે તેવા શુભ આશયથી જુનાગઢ જીલ્લા વહીવટી તંત્ર અને કેશોદ નગરપાલિકા દ્વારા મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે તા.૦૫/૦૫/૨૦૨૪ ના રોજ સાંજના ૫-૩૦ કલાકે "રન ફોર વોટ" કાર્યક્રમ આઝાદ કલબ-કેશોદ ખાતે કેશોદ શહેરની જુદી જુદી સ્વૈચ્છીક સંસ્થાઓ જેવી કે આઝાદ કલબ, ભારત વિકાસ પરીષદ, કર્મશીલ ગૃપ,રોટરી કલબના સહયોગથી આયોજન કરવામાં આવેલ હતું. આ "રન ફોર વોટ" કાર્યક્રમમાં સહભાગી થવા કેશોદ શહેરના દરેક શહેરીજનો જોડાયાં હતાં . રાષ્ટ્રીય જનજાગૃતિ કાર્યક્રમનો પ્રારંભ કરતાં પહેલાં કેશોદ નગરપાલિકાના ઓફિસ સુપ્રિટેન્ડન્ટ પ્રવિણભાઈ વિઠ્ઠલાણીએ ઉપસ્થિત સૌ નગર શ્રેષ્ઠીઓને અવશ્ય મતદાન કરવા કરાવવા પ્રતિજ્ઞા લેવડાવી હતી. રાષ્ટ્રીય જનજાગૃતિ અભિયાન રન ફોર વોટનો આઝાદ કલબના પટાંગણથી લીલી ઝંડી બતાવી ચીફ ઓફિસર મેહુલ વાઘેલા. આઝાદ કલબના ડૉ હમીરસિહ વાળા. ભારત વિકાસ પરીષદના મહાવીરસિંહ જાડેજા. ડૉ સ્નેહલ તન્ના સહિત ટ્રસ્ટીગણ દ્વારા પ્રારંભ કરાવ્યો હતો.

કેશોદ શહેરના મુખ્ય માર્ગો પર મતદારોને જાગૃત કરતાં સુત્રો સાથે હાથમાં પ્લે કાર્ડ લઈને પગપાળા રન ફોર વોટ રેલી કાઢવામાં આવી હતી. કેશોદ નગરપાલિકા દ્વારા આયોજિત રન ફોર વોટ કાર્યક્રમમા શહેરના નગર શ્રેષ્ઠીઓ આગેવાનો પદાધિકારીઓ જોડાયાં હતાં.

# વેરાવળ ફાયર સ્ટાફ દ્વારા સોમનાથ પાટણ ખાતે ખુલ્લા પ્લોટમાં લાગેલી આગને બુઝાવાઈ



વેરાવળ તા.૬

વેરાવળ ફાયરબ્રિગેડ સ્ટાફ દ્વારા સોમનાથ પાટણ ખાતે આવેલ ખુલ્લા પ્લોટમાં લાગેલી આગને ત્વરીત પહોચીને બુઝાવાઈ હતી.

ગઈકાલે સવારના સમયે સોમનાથ પાટણ આવેલ વેણીવેશ્વર મંદિરની સામે આવેલા ખુલ્લા પ્લોટમાં આગ લાગી હતી. તેની પોલીસ કંટ્રોલરૂમમાંથી ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી. જાણ થતા જ ત્વરિત ફાયર બ્રિગેડના ફાયરમેન વિક્રમભાઈ ખટાણા, ધરમશીભાઈ કોટીયા,જમાદાર સુનિલભાઈ સહિતનો સ્ટાફ આગ બુઝાવવાની સાધન સામગ્રી સાથે ઘટના સ્થળે પહોંચી આગની ઉપર પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લીધી હતી અને આગથી જાનમાલની નુકસાની ટાળી હતી.

# ઉનામાં સંવેદનશીલ વિસ્તારો માં સી.એ.પી.એફ નું ફૂટ પેટ્રોલિંગ



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૬

લોકસભાની સામાન્ય ચૂંટણી નાં અનુસંધાને મતદાર નિર્ભય રીતે મતદાન કરી શકે તે માટે ઉના શહેર નાં ૧૩ સંવેદનશીલ બુથ વિસ્તારો માં ઉના નાં પી.એસ.આઇ.આર.એચ.સુવા તેમજ પોલીસ સ્ટાફે સી.એ.પી.એફ કંપની નાં જવાનો સાથે ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવેલ અત્રે ઉલ્લેખનીય છે કે ૯૩ ઉના વિધાનસભા માં કુલ ૨૭૨ બુથો પેકી શહેરી વિસ્તાર માં ૧૩ અને ગ્રામ્ય વિસ્તારમાં ૬૮ બુથ મળી કુલ ૮૧બુથ સંવેદનશીલ હોય પોલીસ દ્વારા આ બુથો પર મતદારો શાંતી થી મતદાન કરી શકે તે માટે પોલીસ દ્વારા આગોતરું આયોજન કરવામાં આવેલ છે.

# તારક મહેતા ફેમ શૈલેષ લોઢાએ દ્વારકાધીશને શિશ ઝુકાવ્યું



(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૬

પ્રસિદ્ધ ટીવી સીરિયલ "તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા" માં મહેતા સાહેબની ભૂમિકા ભજવતા લોકપ્રિય કલાકાર શૈલેષ લોઢાએ યાત્રાધામ દ્વારકાની મુલાકાત લીધી હતી અને ભગવાન દ્વારકાધીશનું પાદુકા પૂજન કરી શિશ ઝુકાવી ધન્યતા અનુભવી હતી.

આ પ્રસંગે તેમણે દેવસ્થાન સમિતિની વીઝીટ બુકમાં કૃષ્ણભુમિની મહત્તા વ્યક્ત કરી દ્વારકા તીર્થક્ષેત્ર પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરેલ.





Aadhar Housing Finance Ltd

GHAR BANEGA, TOH DESH BANEGA.

www.aadharhousing.com

We are India's largest^ low-income housing finance company, present in 533 districts across 20 states and UTs*, focusing on providing housing finance to low-income groups and economically weaker sections.

Promoted by BCP Topco (which is managed and/or advised by affiliates of Blackstone Group Inc., one of the world's leading investment firms).

As of December 31, 2023, we had 255,683** live accounts (including assigned and co-lent loans) and we had the highest number of live accounts among analysed peers in FY 2023, according to CRISIL.

We had the highest AUM^ and Net Worth^ among analysed peers for the Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine months ended December 31, 2023^, according to CRISIL.

We actively participate in various affordable housing initiatives of the Government of India, such as the PMAY scheme.

We are Aadhar Housing Finance.

(*As of December 31, 2023), ^Gross AUM of Aadhar Housing Finance Limited (Rs. Million): 133,271.0; 147,777.9; 172,228.3; 198,651.6 and Net Worth (Rs. Million): 26,927.6; 31,466.3; 36,976.0; 42,491.0 as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2023 respectively. As per CRISIL Report, Aadhar Housing Finance Limited has the highest AUM and net worth amongst select peers in India analysed, as on Fiscal 2021, Fiscal 2022, Fiscal 2023, and nine month ended December 31, 2022 and December 31, 2023. (** LIVE ACCOUNTS: (including assigned and co-lent accounts) 182,471; 204,135; 233,228; 255,683 as of March 31, 2021, 2022, 2023 and December 31, 2023, respectively). # The number of branches does not include regional and corporate offices.

**Top 5 Risk Factors;** 1.Our Erstwhile Promoters are subject to ongoing regulatory investigations by enforcement agencies including the Enforcement Directorate and the outcome of such investigations may adversely impact us and the Equity Shares held by our Promoter, BCP Topco and the market price of the Equity Shares of our Company. 2.We are party to certain legal proceedings and any adverse outcome in these or other proceedings may adversely affect our business. 3.We depend on the accuracy and completeness of information provided by our potential borrowers and third-party service providers. Our reliance on any misleading information given by potential borrowers may affect our judgment of credit worthiness of potential borrowers, and the value of and title to the collateral, which may affect our business, results of operations, cash flows and financial condition. 4.We have had negative net cash flows in the past and may continue to have negative cash flows in the future. 5.Any increase in the levels of non-performing assets in our AUM would adversely affect our business, results of operations, cash flows and financial condition.

**Aadhar Housing Finance Limited** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, an initial public offering of its equity shares ("**Equity Shares**") and has filed the red herring prospectus dated April 30, 2024 (the "**RHP**") with the RoC. The RHP is available on the website of SEBI at www.sebi.gov.in, website of stock exchanges i.e. NSE at www.nseindia.com, BSE at www.bseindia.com and on the website of the Company at https://aadharhousing.com/ and on the websites of the BRLMs, i.e. ICICI Securities Limited, Citigroup Global Markets India Private Limited, Kotak Mahindra Capital Company Limited, Nomura Financial Advisory and Securities (India) Private Limited and SBI Capital Markets Limited at www.icicisecurities.com, www.online.citibank.co.in/rhtm/citigroupglobalscreen1.htm, https://investmentbank.kotak.com, www.nomuraholdings.com/company/group/asia/india/index.html and www.sbicaps.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk. For details, potential investors should refer to the RHP, including the section titled "*Risk Factors*" beginning on page 24 of the RHP. Potential investors should not rely on the DRHP for making any investment decision. Specific attention of the investors is invited to "*Risk Factors*" on page 24 of the RHP.

This announcement is not an offer of securities for sale in the United States or elsewhere. This announcement has been prepared for publication in India only and is not for publication or distribution, directly or indirectly, in or into the United States. The Equity Shares have not been, and will not be, registered under the United States Securities Act of 1933, as amended (the "**U.S. Securities Act**") and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act. Accordingly, the Equity Shares are only being offered and sold (a) within the United States solely to persons who are reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) in transactions exempt from or not subject to the registration requirements of the U.S. Securities Act, and (b) outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales occur.

Adfactors 41

# લોકશાહીના પર્વને મતદાન થકી ઉજવવાની અપીલ - તંત્ર દ્વારા તમામ તૈયારીઓને આખરી ઓપ



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૬

જૂનાગઢ સહિત ગુજરાતની લોકસભાની બેઠક માટેનો ચૂંટણી જંગ અંતિમ ચરણમાં પહોંચી ગયો છે અને આવતીકાલ તા.૭ મેના રોજ મતદારો દ્વારા મતદાન કરી અને લોકશાહીના પર્વને મનાવવામાં આવી રહેલ છે. આ સાથે જ આવતીકાલે યોજાઈ રહેલી ચૂંટણીના અનુસંધાને તમામ તૈયારીઓ પુર્ણ કરી લેવામાં આવી છે અને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આ સાથે જ સોરઠના મતદારો આવતીકાલે મતદાન રૂપી ફરજ બજાવી ફેસલો કરનાર છે. તો બીજી તરફ ભાજપ, કોંગ્રેસ સહિત વિવિધ પક્ષો પણ આવતીકાલે યોજાનારી ચૂંટણીમાં પોતાના ઉમેદવારને જ મતદારો ચુંટી કાઢે તે માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે. ગુજરાતની ૨૬ પૈકી ૧ બેઠક ભાજપને માટે બીન હરીફ થયા બાદ કુલ ૨૫ બેઠક માટે આવતીકાલે ચૂંટણી રણસંગ્રામ યોજાઈ રહ્યો છે. મતદાન આડે હવે ગણતરીના કલાકો જ બાકી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષો જોરજોરથી આખરી લડાઈની તૈયારીમાં પડી ગયા છે. ગુજરાતની ૨૫ બેઠકો પૈકી જૂનાગઢ લોકસભાની બેઠકની વાત કરીએ તો મુખ્ય ચૂંટણી જંગ ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમા અને કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવા જોટવા વચ્ચે છે. ભાજપના ઉમેદવાર રાજેશભાઈ ચુડાસમા કોળી સમાજમાંથી આવે છે જયારે કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવા આહીર જ્ઞાતીમાંથી આવે છે. ભાજપના ઉમેદવાર સતત ત્રીજી ટર્મ ચૂંટણી લડી રહ્યા છે. જયારે કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવા જાહેર જીવનના ઉંડા અભ્યાસુ અને દરેક સમાજમાં ચાહના ધરાવે છે. તેમજ રાજકીય રીતે પણ તેઓની કામગીરી બોલે છે. એક રીતે જોઈએ તો ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમા અને કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવા વચ્ચે મુખ્ય સ્પર્ધા રહેલી છે. બંને રાજકીય પક્ષો દ્વારા જૂનાગઢ લોકસભા મત વિસ્તારમાં ડોર ટુ ડોર સંપર્કથી લઈ, રેલી, સભાઓ સહિતના ચૂંટણી પ્રચાર કરેલા છે. એટલું જ નહી ભાજપના ઉમેદવાર રાજેશભાઈ ચુડાસમાના સમર્થનમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ચૂંટણી સભા જૂનાગઢ ખાતે યોજાઈ હતી તો બીજી તરફ કોંગ્રેસના ઉમેદવાર હીરાભાઈ જોટવાના સમર્થનમાં પણ પક્ષના વરીષ્ઠ નેતાઓની સભા જુદા-જુદા વિસ્તારમાં યોજાઈ હતી. ટુંકમાં એમ કહી શકાય કે ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષોએ ચૂંટણી લક્ષી કામગીરી અસરકારક રીતે કરી છે અને છેલ્લી ઘડી સુધી મતદારોનો સતત લોકસંપર્ક કરવામાં આવી રહ્યો છે. રાજકીય પક્ષોના પ્રચાર તંત્રના ઘમાસાણ જોવા જઈએ તો મતદાર વર્ગ દ્વારા આવકાર તો દરેકને આપવામાં આવી રહ્યો છે પરંતુ પોતાનું મન કળાવા દેતો નથી. હવે જયારે લોકસભાની જૂનાગઢની બેઠક ઉપર મતદાન થવાનું છે અને સોરઠના મતદારો કોને જીતાડવા તે અંગેનો ફેસલો આવતીકાલે લેનાર છે ત્યારે આવતીકાલે ચૂંટણી ઉપર સૌનું ધ્યાન કેન્દ્રીત છે.

# જૂનાગઢમાં મતદાન જાગૃતિ અર્થે 'રન ફોર વોટ': ૬૦૦ થી વધુ લોકોએ દોડ લગાવી





## કલેકટર, કમિશનર, જિલ્લા વિકાસ અધિકારી સહિતના અધિકારીઓએ દોડી તા.૭ મી મે એ અચૂક મતદાનનો આપ્યો સંદેશ

જૂનાગઢ તા.૬

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતેથી મતદાન જાગૃતિ અર્થે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આયોજિત 'રન ફોર વોટ' માં ફર્સ્ટ ટાઈમ વોટર, સિનિયર સિટીઝન સહિત ૬૦૦થી વધુ લોકોએ દોડ લગાવી હતી અને તા.૭મી મે અચૂક મતદાન કરવાનો સંદેશ આપ્યો હતો.


આ દોડને જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયા, કમિશનર શ્રી ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી નીતિન સાંગવાને ફ્લેગ ઓફ કરી પ્રારંભ કરાવ્યો હતો. ઉપરાંત આ અધિકારીશ્રીઓ રન ફોર વોટમાં જોડાઈ તા.૭મી મેએ અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો.

કૃષિ યુનિવર્સિટીના ઓડિટોરિયમથી શરૂ થયેલી આશરે ૩ કીમીની દોડ યુનિવર્સિટીના ઓડિટોરિયમ ખાતે પૂર્ણ થઈ હતી.

જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીએ આ ''રન ફોર વોટ''ના પ્રારંભ પૂર્વે સંબોધતા જણાવ્યું કે, તા.૭મી મે ભાઈઓએ એકલા મતદાન ન કરવા જતા પરિવારને સાથે લઈને મતદાન માટે જવુ. ખાસ કરીને મહિલાઓની મતદાનમાં ભાગીદારી જરા પણ ઓછી ન રહે તે માટે બહેનોએ પણ સહ પરિવાર મતદાન પ્રક્રિયા પૂર્ણ કરવી. તેવો અનુરોધ કરતા કલેકટરશ્રીએ કહ્યું કે, સ્વીપ અંતર્ગત ખૂબ મોટા પાયે મતદાન જાગૃતિ અર્થે વિવિધ કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. ત્યારે લોકોના મતાધિકારનો ઉપયોગ થકી લોકતંત્ર મજબૂત બનશે. તેમણે આ લોકશાહીના પર્વમાં જૂના રેકોર્ડ તોડી વિક્રમી મતદાન માટે આહ્વાન કર્યું હતું.

આ રન ફોર વોટમાં નિવાસી અધિક કલેકટર શ્રી એન. એફ. ચૌધરી, મદદનીશ ચૂંટણી અને પ્રાંત અધિકારી શ્રી ચરણસિંહ ગોહિલ, ડેપ્યુટી કમિશનર શ્રી અજય ઝાપડા, જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી વાઢેર, સ્વીપના નોડલ અધિકારી લતાબેન ઉપાધ્યાય, જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા, જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી ગૌરાંગ નરે સહિતના અધિકારીઓ જોડાયા હતા.

# જૂનાગઢ સંસદીય મતવિસ્તારના જનરલ ઓબ્ઝર્વરની અધ્યક્ષતામાં ચૂંટણીમાં ફરજ બજાવનાર સ્ટાફનું ફાઈનલ રેન્ડમાઈઝેશન પૂર્ણ




જૂનાગઢ,તા.૬

૧૩-જૂનાગઢ સંસદીય મતવિસ્તારના જનરલ ઓબ્ઝર્વર મોહમ્મદ ઝુબેર અલી હાશમીની અધ્યક્ષતામાં ચૂંટણીમા ફરજ બજાવનાર સ્ટાફનું ફાઈનલ રેન્ડમાઈઝેશન આજ રોજ પૂર્ણ થયું હતુ.

કલેકટર કચેરી ખાતે યોજાયેલ આ કોમ્પ્યુટર આધારિત રેન્ડમાઈઝેશનમાં ૩૮૭૪ અધિકારી-કર્મચારીઓને મતદાન મથકની ફાળવણી કરવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, આ પુર્વે પ્રથમ અને બીજા રેન્ડમાઈઝેશનમાં સ્ટાફની ફરજ અને વિધાનસભા વિસ્તારની ફાળવણી કરવામાં આવી હતી.

આ તકે જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શ્રી અનિલ રાણાવસિયા, નિવાસી અધિક કલેકટર શ્રી એન.એફ.ચૌધરી,નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી હર્ષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રેમલગ્ન મુદ્દે બબાલ-વંથલીના ધંધુસરના યુવકના પિતાનું બોલેરોમાં અપહરણ

(ક્રાઈમ દ્વારા)

જૂનાગઢ તા.૬

વંથલી તાલુકાના ધંધુસર ગામના યુવાનના પ્રેમ લગ્નના મુદ્દે તેના પિતાનું ઝપાઝપી કરી યુવતીના કાકા સહિત પાંચ શખ્સ નવા બાયપાસ બ્રીજ નીચેથી બોલેરોમાં અપહરણ કરી જતાં ચકચાર મચી ગઈ છે. વંથલી તાલુકાના ધંધુસર ગામે પરિવાર સાથે રહેતા સોનાબેન ઉર્ફે સતીબેન ભુપતભાઈ કડછાએ તેમના પતિ ભુપતભાઈ કરશનભાઈના અપહરણ અંગે નોંધાવેલી ફરિયાદની વિગતો એવી છે કે, મહિલાના મોટા પુત્ર રવિએ ગત તા.૨૬ એપ્રિલના રોજ ભાવનગર જિલ્લાના તળાજા તાલુકાના પાદરી ગામના મયુભાઈ ભમરની દીકરી ભાવિશા સાથે પ્રેમ લગ્ન કર્યા હોય તા.૨ મે ગુરૂવારની રાત્રે ૧૦-૩૦નાં અરસામાં મહિલા પોતાના ઘરે પતિ સહિતનાં પરિવાર સાથે હતા ત્યારે તેમના ઘરે તેના સમાજની બે વ્યક્તિ વગેરે સાથે યુવતીના કાકા રામભાઈ ભમર અને લાખાભાઈ ભમર આવ્યા હતા અને પ્રથમ સમાધાનની વાત કરી હતી બાદમાં આ પ્રેમ લગ્ન અમને મંજૂર નથી તેમ કહી ભાવિશા અને રવિને બોલાવી દો નહીં આવે તો બધાને ઉપાડી જાશું એવી ધમકી આપીને જતા રહ્યા હતા. આ પછી ભુપતભાઈ ૫ એપ્રિલના રોજ સવારે ૧૦ વાગ્યે રિક્ષામાં દૂધ ભરીને જૂનાગઢ ગયા હતા ત્યારે નવા બાયપાસ ઉપર આવેલ ઓવરબ્રિજ નીચે ધંધુસર જવાના રોડ ઉપર રીક્ષા ઉભી રખાવી તેની સાથે ઝપાઝપી કરી ૩ અજાણ્યા શખ્સ ભુપતભાઈનું બોલેરોમાં અપહરણ કરી ગયા હોવાની મહિલાની ફરિયાદ લઈ પોલીસે રામભાઈ ભમર, લાખાભાઈ ભમર અને સફેદ કલરની બોલેરોમાં આવેલ ૩ અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી કાર્યવાહી કરી હતી. આ અપહરણ કેસના તપાસનીશ વંથલીના પીએસઆઈ વાય.બી. રાણાએ ભુપતભાઈ કડછાની ભાળ મેળવવા અને આરોપીઓની ધરપકડ માટે પોલીસની ૩ ટીમ કામે લાગી હોવાનું જણાવ્યું હતું. લોકલ ક્રાઈમ બ્રાન્ચ તેમજ સ્થાનિક પોલીસની ૨ ટીમ દ્વારા જુદી જુદી દિશા અને જુદા જુદા એન્ગલથી તપાસ હાથ ધરી એડી ચોટીનું જોર લગાવવામાં આવ્યું છે.

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

